ભક્તિસાર સોપાન

શ્રી છપાવી પ્રકટ કરનાર.

ગં૦ સ્વરૂપ ભાણીબાઇ ગીગાભાઇ

મુંબઈ.

સુધારા વધારા સાથે બીજી આવૃત્તિ.

સંવત ૧૯૭૦ સને ૧૯૧૪

નકલ ૧૦૦૦.

અમદાવાદ

ઠે. ખાડીઆમાં કવીશ્વરની પોળમાં ધી જ્ઞાનચંદ્ર પ્રીન્ટીંગ
પ્રેસમાં શાંતિલાલ ન્યાલચંદ દેસાઈએ છાપ્યું.

મુલ્ય રૂ. ૦-૧-૬

ઉપકાર.

અમારા સદ્ધર્મ સુબોધક મંડળ તરફથી નીકળતું ભક્તિસર સોપાન નામના પુસ્તકની બીજી આવૃત્તિ માટે ૫૦૮ નકકલની મદદ બેહેન શ્રી રાધાબાઇએ કરી છે. મંડળ તેમને આભાર માને છે.

છપાય છે! છપાય છે!! છપાય છે!

શ્રીશંકરાચાર્યકૃત અષ્ટાદશ (૧૮) રત્નોઃ—(૧ સાધન પંચક, ૨ સદાચાર સ્તોત્ર, ૩ ષટ્પદી, ૪ વિજ્ઞાન નૌકા, ૫ વાક્ય સુધા, ૬ હરિમીડે, ૭ યોગ તારાવલિ, ૮ આત્મ... ૯ તત્ત્વબોધ, ૧૦ સ્વાત્મ નિરૂપણ, ૧૧ ચર્પટ પં... ૧૨ મોહ મુદ્દગર, (દ્વાદશ પંજરિકા), ૧૩ સિદ્ધાંત બિંદુ, (નિર્વાણદશક), ૧૪ વાક્યવૃત્તિ, ૧૫ અપરોક્ષાનુભૂતિ, ૧૬ વિવેક ચૂડામણિ, ૧૭ શતશ્લોકી, (વેદાંત કેસરી), ને ૧૮ ઉપદેશ સહસ્રી (ગદ્ય ભાગ) મૂળ અર્થ અને વિવેચન સાથે. તે ઉપરાંત તેના શ્રીશંકરાચાર્યનું જીવન વૃત્તાંત પણ આવશે તેમજ ચાર સુંદર ચિત્રો પણ આવશે. પાંચ સોનેરી નામવાળું પાકુ પુઠું થશે તે છતાં આગળથી ગ્રાહક થનાર પાસેથી રૂ. ૧–૪–૦ લેવામાં આવશે પાછળથી મૂલ્ય રૂ. ૧–૮–૦ રખાશે

મણિલાલ મગનલાલ ત્રિવેદી.

રાયપુર—અમદાવાદ.



ભક્તિસર સોપાન.

પદ ૧.

રાગ-કાનુડો સીયાની.

કષ્ટ સકળ મમ શીઘ્ર વિદારી, સાહ્ય કરો રઘુનંદન મારી;
નમન કરી કહું વારંવારી, બાંહ્ય ગ્રહો ઝટ હે અસુરારી. ૧
કાળ તણો ભય છે અતિ ભારી, દૂર કરો મમ અર્જ સ્વીકારી;
હું અપરાધી દાસી તમારી, આવી પ્રભુ શરણે લ્યો ઉગારી
આપ વિના નથી સંકટ હારી, રક્ષણ કો કરનાર ર
ભાણી ભણે કરૂણા દીલ ધારી, દરશન દો ભવ

પદ ૨.

ભૈરવ.

કરુણા નીધિ કષ્ટ નિવારો હું અપરાધી દાસી તણા. કરૂણા૦
જપ તપ સાધન કાંઈ ન જાણું કેમ કરૂં હું ગુજારો; કરૂણા૦
આશ્રય સાચો નર ભવ અંદર છે દિન બંધુ તમારો. કરૂણા૦૧
માયા બંધન આપે છે દુખ તેને શીઘ્ર વિદારો; કરૂણા૦
રાખી સદા શરણે જગ નાયક સફળ કરો જનમારો. કરૂણા૦૨
મોહ મહોદધિ માંય ડુબું છું બાંહ્ય ગ્રહીને ઉગારો; કરૂણા૦
ભાણી ભણે સંભાળી લેવા નાથ દયા દીલ ધારો. કરૂણા૦૩

પદ ૩.

વ્રજના જીવન કરૂં વિનતી—એ રાગ.

સહાય કરો હરી માહરી દીન જાણી દયાળ,
આપ વીના નથી કો પ્રભુ લેનારૂં મમ ભાળ. સહાય૦ ૧
આપ તણો તજી આશરો રે જાઉ કોને હું શર્ણ,
તમ વિના ટાળક છે નહીં વીજુ જનમને મર્ણ. સહાય૦ ૨
જે કહું તે મારે આપ છો રે જગમાં કીરતાર,
માફ કરી અપરાધને રાખો ચર્ણ મોજાર. સહાય૦ ૩
ભવ જળમાં ભટકાવીને રે અબળાને ખુવાર,
નાહક નાથ કરો નહીં છેક છઉ નિરાધાર. સહાય૦ ૪
તારશો કે કદી મારશો રે તદપી તમ સાથ,
...ગ નથી તજનાર હું માટે મુકો ન હાથ. સહાય૦ ૫
... તાપથી થાય છે રે દુ:ખ તનમા અપાર,
પડવા નથી દેતા સુખ લગાર. સહાય૦ ૬

કાળ તણો ભય કારમો રે રહે છે હરનિશ,
સ્થિર નથી તેથી માહરૂં રે'તુ મન જગદીશ. સહાય૦ ૭
દુ:ખને દૂર કરો બધાં રે ઝટ સુખ નિધાન,
ભાણી ભણે એમ વિનતી જોડી કર ભગવાન. સહાય૦ ૮

પદ ૪.

ગીતી.

પ્રેમ બતાવી પૂરો તુજ શરણાંગત કર્યું જીવન મારૂં,
તારા વીણુ લાગે છે સુખ સંસારનુ મુને બધુ ખારૂં. ૧
જ્યાં જોઉં ત્યાં ભાસે મનરંજન મુરતી હરી ભારી,
ક્ષણુ ભર પણુ ચીત્તમાંથી અળગી થાતી નથી પ્રભુ તારી. ૨
દુખ હવે તું દે ના કરૂણા કર વિનતી ઉરે ધારી,
થઇ સદા છઉ તારી ભય ભવ હારી બની હું આભારી. ૩

પદ ૫.

હરી ગીત.

હે વિશ્વકર્તા કષ્ટ હરતા તુજ તણી બલીહાર છે,
કોથી નહીં જાયે કળી ખુબી તારી અપરંપાર છે;
પાતાળ પાણી પવન પાવક પૃથ્વિ નગ આકાશમાં,
ભાનુ શશી તારા ગણો ને અંધકાર ઉજાશમાં. ૧
તરૂવર લતા પલ્લવ કુસુમ ફળ વીકટ વનની વાટમાં,
નાળા નદી સાગર કુવા ને વાવ્ય સરના ઘાટમાં;
નવ રસ અને ખટ રસ વિષે શાસ્ત્રો નિગમ પુરાણમાં,
વિદ્યા કળા કૌશલ્ય ને વાણી વિમળ નિરવાણમાં. ૨
ઔષધિ સુધા વિષ ધાતુ હીરાદિક ખનીજ પદાર્થમાં,

ગંધર્વ કિન્નર સુર મુનિ નર નાર રંક સમર્થમાં;
પશુ પક્ષી ને જીવ જંતુમાં બાહીર ને અંતર મહી,
છે વાસ તારો સર્વમાં ખાલી નથી તુજ વીણુ કહી. ૩
છે હાથ તારે સકળ બાજી જગતનો પ્રતીપાળ છે,
છે મોક્ષને દેનાર વળી તું કાળનો પણ કાળ છે;
સાકાર નિરાકાર પૂરણ બ્રહ્મ પરમાનંદ છે,
અવિકારી આતમરામ અલક અમર અજીત સુખ કંદ છે. ૪

પદ ૬.

બાહી છંદ.

હે વિશ્વસ્વામી કરો સહાય મારી, સંકષ્ટ વેગે સમુળા વીદારી;
છે એક આશા મુને તો તમારી, માટે કરૂણા કરો શ્રી મુરારી. ૧
કીધી નથી મેં કમાણી જરાયે, એથી અતી ચિત્ત શોકે પીડાએ.
જંજાળમાં હું ગઈ જન્મ હારી, માટે કરૂણા કરો શ્રી મુરારી. ૨
ભાણી ભણે શું કહું હસ્ત જોડી, છે વેશ ઝાઝા રહી રાત થોડી;
ગાજી રહ્યો છે શીરે કાળ ભારી, માટે કરૂણા કરો શ્રી મુરારી. ૩

પદ ૭.

ગીતી.

નંદ ઘરે આનંદ નુતન નૃત્ય કર્યા તેં રંગીલા,
મુખ માંહે માતારે ત્રીભુવન કેરી બતાવી તેં લીલા. ૧
બંસીધર બંસીમાં વ્યાકુળ વનીતા કરી સહુ વૃજની,
રાસ રચ્યો વીંદ્રાબન કરી ખટ માસની દયાળ તેં રજની. ૨
સોળ સહસ્ર ગોપીના રંગ રમણમાં સદાય ગીરધારી,
પણ પ્રભુતા પ્રભુજીની તથાપી તે છે સદાય બ્રહ્મચારી. ૩

આંગળીએ ઉપાડી ગોવરધન પરવત તોળ્યો હાથે,
તે ભૂધર તોળાયા તુળશી પત્રે ભક્ત સ્વાર્થ માટે. ૪
ગજ બંધનને કાપી મુક્ત કર્યો થઈ ત્રિભુવનના ત્રાતા,
સાષ્ટાંગે નમું એવા કૃષ્ણ કૃપાળુ સદાય સુખદાતા. ૫

પદ ૮.

ગુરૂદેવ સત્ય જ્ઞાન દરશાવો; અનંત સુખદાતારે.
જેથી થાય સર્વ દ્રશ્યનો અભાવો. અનંત. ૧
પાપ પ્રવૃત્તિ ક્ષણુ મહી હઠાવો; અનંત.
વળી ક્રોધ આદિ શત્રુને વ્યથાવો. અનંત. ૨
મહા ક્રૂર કાળ પાસથી બચાવો, અનંત.
સુણી દાસ તણી દાદ વારે ધાઓ. અનંત. ૩
કરી કષ્ટ નષ્ટ સહાય સદા થાઓ; અનંત.
વિષય વાસનાથી મુજને ચુકાવો. અનંત. ૪
મુક્ત ભ્રાન્તિઓથી મુજને કરાવો; અનંત.
એક શરણુ આપ ચરણુ છે નિભાવો. અનંત. ૫
જન્મ મરણુની ઉપાધિને ટળાવો; અનંત.
છેક બ્રહ્મના આનંદમાં ભળાવો. અનંત. ૬
કરી બોધ મદ બુદ્ધિને સુધારો, અનંત.
ગણી દોષ દીલે રોષ નહીં ધારો. અનંત. ૭
શીઘ્ર ત્રિવિધિના તાપને નિવારો; અનંત.
મોહ માયાની જાળથી ઉગારો. અનંત. ૮
અભિમાન મૂળમાંથી વણુસાડો; અનંત.
ધતી ચિંન્તા સમગ્રને ઘટાડો. અનંત. ૯

મૂળ સ્વરૂપ મુને માહરૂં સુઝાડો; અનંત.
ભેદ ભાવને દયાળુ દૂર કાઢો. અનંત. ૧૦

મુજ અંતરમાં વાસ કરો વાલા; અનંત.
કરો કૃત્ય કૃત્ય પાઈ પ્રેમ પ્યાલા. અનંત. ૧૧

ભણે ભાવે ભગવાન એમ ભાણી; અનંત.
ગ્રહો બાંય ગુરૂરાય દીન જાણી. અનંત. ૧૨

પદ ૯.

ઢીંઢી.

ગુરૂ દીન જાણી દોષ સહુ નીવારો, કઠીણ કાળ તણા પાશથી ઉગારો;
મુને છેજ એક આશરો તમારો, ગુરૂદેવ દયા દીલ મહી ધારો. ૧
ક્રોધ આદિ શત્રુ જુલ્મ બહુ કરેછે, વિવિધ યુક્તિવડે ચિત્તને હરેછે;
નથી સુજતો ઉપાય તેથી સારો. ગુરૂ. ૨
મહા મોહ અંધકારમાં મુંઝાણી, ભુલી જ્ઞાન માર્ગ ભેખડે ભરાણી;
સુણી અર્જ વિટબણા એ વીદારો. ગુરૂ. ૩
મારૂં આપછો સમગ્ર વિશ્વમાંહી, નથી અન્ય અંતકો થનાર સાહી.
ગ્રહી બાંય હવે નવ કદી વીસારો. ગુરૂ. ૪

પદ ૧૦.

રાગ—બીગરી કોન સુધારે.

નર ભવમાં મુરખ જન નાહક ગર્ધવ સમ અથડાયોરે,
કદળી વન પરિત્યાગ કરીને કટક માંહી ભરાયોરે. નર૦ ૧
જાહ્નવી જળને પડતું મુકી મધુ પીવાને ધાયોરે,
સુંદર અમૃત કુંભ તજીને વિશ કળશ કર સાંહ્યોરે. નર૦ ૨
સાર અસાર કંઈ નવ સમજ્યો માયામાં સપડાયોરે,

મૃગનયનીના પ્રેમ પાસમા અજ્ઞાની અથડાયોરે. નર૦ ૩
જાદુગર સમ ખેલ જગતનો તેમાં બહુ લલચાયોરે,
અંધ બનીને મોહ જાળમાં પતંગ સમ ઝપલાયોરે. નર૦ ૪
સ્વપ્ના સમ સુખ સાચું માની ફુલણજી ફુલાયોરે,
રત્ન અમુલક વીસરી દર્પણ કકડામાં લોભાયોરે. નર૦ ૫
ઝાકળ બીંદુ સમ ભવજળના તરંગમાંહી તણાયોરે,
ભાણી ભણે ભગવાન ભજન વીણ ઉત્તમ જન્મ ગુમાયોરે. નર૦

પદ ૧૧.

રાગ ભૈરવી.

જગત સુખ ભક્તિ સમાન ન કોઇ વિશ્વંભર ખુશ હોઇ. જગત૦ ૧
ભક્તિવડે પ્રહ્‌લાદ વિભિષણ નારદ કુબજા દાશી,
પાંડવ દ્રૌપદી વૃજ વનિતાને સાહ્ય થયા અવિનાશી. જગત૦ ૨
મોહ પવનથી જ્ઞાન દીપકનો નાશ પલકમા થાયે,
વિઘ્ન અનેક નડે પણ કદીએ ભક્તિ મણિ ન બુઝાયે. જગત૦ ૩
રંગ પતંગ સમાન જગતનો મૂર્ખ રહ્યો શું મોહી,
નર્ક તણો અધિકારી બને છે નાહક નીર વલોઇ. જગત૦ ૪
મારૂં મારૂં કરી શીદ મરે છે મતલબના સહુ યારી,
ભાણી ભણે ભગવાન ભજી લે શીખ હ્રદયમાં ધારીરે. જગત૦ ૫

પદ ૧૨.

ગરબી.

સાર એકે નથી સંસારમાં જો,
જીવ જીંદગી નકામી ગુજારમાં જો. સાર૦ ૧
રંગ તેના પતગ સમાન છે જો,

વળી નર્કનું પ્રૌઢ નિશાન છે જો. સાર૦ ૨
વિષય વિષનો ભરેલ છે ઉંડો કુવો જો,
જરા લથડાયો કે તુરત ડુબી મુવા જો. સાર૦ ૩
કંઇક ચાલ્યા ગયા મમતા મહીં જો,
હામ પૂરી નથી કોઇની થઇ જો. સાર૦ ૪
જેમ બાવળની સાથ બાથ કો ભરે જો,
તેમ મુરખ શું ભવ વનમાં ફરે જો. સાર૦ ૫
પ્રીત રાખ ભગવાન ચર્ણમાં સદા જો,
કાળ પાસ તણી દૂર થશે આપદા જો. સાર૦ ૬
ભણે ભાણી ભવ ત્રાસ સમુળો જશે જો,
નામ રામ તણું જો ઉરમા હશે જો. સાર૦ ૭

પદ ૧૩.

હરીગીત.

જે પ્રેમ પ્રભુ સંગે કરે તે સુખ પામે સર્વદા,
ભય કાળનો લેશ ન રહે સંકષ્ઠ પામે નહિં કદા;
આનંદથી ઉન્મત્ત ફરે વળી વિશ્વમાં વખણાય છે,
હોયે ભલે ચંડાળ તદપિ શ્રેષ્ઠ સહુથી ગણાય છે. ૧
જુવો વિચારી શબરી કેરી દશા કેવી હતી,
પણ પ્રેમ દેખી સદ્ય તેનો શીઘ્ર રીઝયા રઘુપતી;
મુની વાલ્મિક અજ્ઞાનથી ભીલો તણી સાથે રહ્યા,
જપ્યું નામ પ્રભુનું પ્રેમથી ત્રિકાળદર્શી તે થયા. ૨
છે નાશકારક પ્રેમ ભગિની ભ્રાત તનયા પુત્રનો,
માતા પીતા કુટુંબીઓને કામિની નિજ મિત્રનો;

કાયમ કહ્યો ટકી જાય છે પલમાં કહ્યો પલટાય છે,
ભાણી ભણે અનુભવ થકી અંતર મહીં સમજાય છે. ૪

પદ ૧૪.

હરિગીત.

બંધન નથી તુને કશું હે જીવ શિવરૂપ છો નકી,
છે રહિત સ્વપ્ન સુષુપ્તિ જાગ્રત્ બાળ તરૂણ જરા થકી;
નથી સુખ કે સંકષ્ટ તારે જન્મવા મરવાપણું,
સારૂં અને નરતું નથી તારે કશું કરવાપણું. ૧
આધિ ઉપાધિ વ્યાધિ ભય અપમાન માન તુંને નથી,
ક્ષુધા તૃષા ને ટાઢ તડકો લાભ કે હાની નથી;
અજ્ઞાન થઈ તું કેમ તારૂં ભાન ભુલી જાય છે,
આ પંચ તત્ત્વનું તન બનતું તેમાં અતી લલચાય છે. ૨

પદ ૧૫.

કવિત.

સંતન કો સંગ કર ગુરૂજીકી સેવા કર,
કામ ક્રોધ આદિ સબ અરિયનકું માર કે;
ભ્રમણાકુ છોડ કર બ્રહ્મસે પીછાન કર,
જ્ઞાનસે ગુજારા કર ગર્વકુ બીદાર કે. ૧
દ્રશ્ય વસ્તુ દૂર કર રૂપકી તલાસકર,
જીંદગી સફલ કર તત્ત્વકુ વિચાર કે;
ઇશ્વિરકુ યાદ કર વાસનાકો ત્યાગ કર,
ઉત્તમ શીખ ભાનીકી અંતરમેં પાર કે. ૨

પદ ૧૬.

કામિની કે હાવ ભાવ કટાક્ષમેં લુબ્ધ બની,
પ્રભુ પ્રેમ સ્વાદ વૃથા શઠ કયું ગુમાયા હે;
જૈસો નવ રસ ખટરસમેં દીસત નાહી,
ઐસો સ્વાદ પ્રભુ પ્રેમ રસમેં જમાયો હે. ૧
જેસો સ્વાદ યોગ સાધનમેં કબુ પાવે નાહીં,
ઐસો સ્વાદ પ્રભુ પ્રેમ ભક્તિમેં સમાયો હે;
કહે ભાની બખાનત નિગમ પુકારી જાકું,
ઐસો પ્રભુ પ્રેમ છોડ કાયકુ ભમાયો હે. ૨

પદ ૧૭.

ગરબો.

વિભુ નટવર નાગર શ્યામ મનહર મોહનજી,
નિજ સેવકના સુખધામ મનહર મોહનજી,
શિવ સનકાદિક નારદ ભારતિ મુનિવર સુર નર નારી રે,
વ્યાસ વશિષ્ઠ વિરંચી પુરંદર જાય તમોપર વારી. મનહર૦ ૧
ગુણ તમારા અગણીત સ્વામી પ્રેમ ધરી સહુ ગાયેરે,
શેષ કુબેર વરૂણ કવિ કોવિદ પાર ન કોથી પમાયે. મનહર૦ ૨
મોર મુકુટ ને કુંડળ કર્ણે ભ્રકુટીતણી બલીહારી, રે;
ભાલ તીલક કેસર ચંદનનું નકવેસર બન્યું ભારી. મનહર૦ ૩
અબુંજ સરખાં નયન તમારાં કામ છબી જોઈ લાજેરે;
હડપચી ઉપર હીરલો શોભે બીંબ અધરપર રાજે. મનહર૦ ૪
કોટી શશી સમ કાન્તિ વદનની રૂપ કહ્યું નવ જાય રે;
ાર હીરામણિ સ્ફાટીકના ઉર નીરખી મન હરખાય. મનહર૦ ૫

૫૦૮૯

બાંયે બાજુબંધ બેરખા શોભે પોચી ધરી છે રસાળી રે;
રત્ન જડીત કડાં સાંકળાં કરમાં લાલ છડી લટકાળી. મનહર૦ ૬
પીત પીતાંબર અંગ ધર્યું છે કટી કીંકણી અતી સારી રે;
ચર્ણ કમળ મહીં નેપુર મંજુલ મુરતી મન હરનારી. મનહર૦ ૭
શ્રીપતિ સુંદર વર ગીરિવર (હું) ધ્યાન ધરૂં પ્રીત આણી રે;
સંકટ સત્વર સર્વ વીદારો કરજોડી ભણે ભાણી. મનહર૦ ૮

પદ ૧૯.

રાગ—સુંદર શામળારે.

શામળીયાતણુંરે સમરણ કરો ધરીને પ્રેમ,
જેથી મન તણારે અળગા થાશે સઘળા વહેમ;
સાચું સુખ છે શ્રીહરી નામનુ.
આ ભવ સીંધુ થકીરે તરવાનો છે એજ ઉપાય;
બીજી સાધનારે સાધેથી ન મુક્તિ પમાય. સાચું૦ ૧
વર્ણન શું કરૂંરે મહીમા તેના અપરંપાર,
હર વિધિ ભારતીરે ગણુતા પાર ન પામે લગાર. સાચું૦ ૨
હરી ભજવા થકીરે પામ્યા કંઈક જનો આરામ,
વળી આ વિશ્વમાંરે જેના અમર થયા છે નામ. સાચું૦ ૩
સુખ સંસારનુંરે ક્ષણભંગુર છે સ્વપ્ન સમાન,
તેમાં મોહીનેરે નાહક બનો નહીં હેરાન. સાચું૦ ૪
તૃષ્ણા પરહરોરે અંતે નહીં આવે કો કાન,
અળગાં થઈ જશેરે સુત વીત દારા આદિ તમામ. સાચું૦ ૫
માટી બની જશેરે પળમાં કંચન વર્ણી કાય,
માટે નવ ફૂલોરે ફોકટ ફંદ વિષે ફુલાય. સાચું૦ ૬

ભજન કરો સદારે ત્યાગી આળસ ને અભિમાન,
ભાણી ભવ તણીરે કરશે દૂર વ્યથા ભગવાન. સાચુ૦ ૭

પદ ૧૯.

રાગ—દેવી અંબીકાજી માત ગરબે રમે.

મન માનને કહ્યું તું હુવે માહરૂં જો,
નથી સંસારમાં કંઈ તાહરૂં જો. મન૦ ૧
તત્વ માહે તત્વો મળનાર છે જો,
એક વાસનાનું લીંગ રહેનાર છે જો. મન૦ ૨
ભેટ ભાવ ધરી સદ્‌ગુરૂ દેવને જો,
તેના સુખદ ચરણ કમળ સદા સેવને જો. મન૦ ૩
ગુરૂ વદનથી લે સદ્‌બોધ સાભળી જો,
જાશે આધિ વ્યાધિ ઉપાધી ટળી જો. મન૦ ૪
ભવ ત્રાસતણો નાશ સમુળો થશે જો,
બ્રહ્મ તેજ મહીં તેજ ભળી જશે જો. મન૦ ૫
એ છે અધમ ઉદ્ધારણ જગપતી જો,
તેના દર્શનથી પાપ ન રહે રતી જો. મન૦ ૬
કરૂણાનાથ સકળ વિઘ્ન હરનાર છે જો,
નિજ દાસતણી આશ પુરનાર છે જો. મન૦ ૭
એતો તીર્થ મીત્ર માતતાત ભ્રાત છે જો,
વિધિ રૂદ્ર બ્રહ્મરૂપ સાક્ષાત છે જો. મન૦ ૮
ગુરૂ વીણ કદી જ્ઞાન મળે નહીં જો,
જેમ સાંભળ્યું જડે નહીં જગ મહીં જો. મન૦ ૯

સત્ય વાણી ભાણીની વીચારને જો,
શીદ વળગે છે મોકુ વિકારને જો. મન૦ ૧૦

પદ ૨૦.

બંસીધર મહિધર ગીરિધરનું ધ્યાન ધરૂં મન મારી રે,
ભવ બંધનથી મુક્ત થવાની અવર નથી કો બારી રે. બંસી. ૧
ઉત્તમ દેહ મળ્યો માનવનો નાહક શીદ ગુમાવું રે,
કમળા વરના પાદપદ્મમાં પ્રીતિ ખુબ જમાવું રે;
નાટકસમ દુનીયામાં ભટકી વૃથા બનું શું ખુવારી રે. બંસી. ૨
કાચી માટી સમ આ કાયા પળમા પીગળી જાશે રે,
મોગમ પડશે માર કાળના પછી પસ્તાવા થાશે રે,
માટે મનોવિકાર તજીને સેવુ સંકટ હારી રે. બંસી. ૩
મુર્ખ બનિને મોહજાળમાં કદી નહીં સપડાવું રે,
હીમતનાં હથીયાર ધરી ખટ શત્રુ સામું થાવું રે;
તો ભય જન્મમરણનો ટળશે મળશે કુંજવિહારી રે. બંસી. ૪
માત પીતા સુત મીત્ર કુટુંબી જુઠો પ્રેમ જણાવે રે,
સ્વાર્થતણા છે સઘળા સાથી અંતે કામ ન આવે રે;
ભાણી તું ભગવાન ભજી લે શીખામણ ઉર ધારી રે. બંસી. ૫

પદ ૨૧.

રાગ—રામગ્રી.

જાગ્ય અભાગી જીવડા ઉંઘે શું અભીમાની,
આંખ ઉઘાડી જો જાય છે અમુલખ જીંદગાની. જાગ્ય. ૧
મનુષ્ય જન્મરૂપી મોક્ષને આવ્યો અથડાતો દ્વારે,
કેફ વિષય રસનો કરી કેમ માર્ગ વીસારે. જાગ્ય. ૨

મારૂં કરી મકલાય છે શીદને મનમાહીં,
અંત સમે નહીં આવશે સંગ તાહરે કાંઈ. જાગ્ય. ૩
સુસ્ત બની સૂઇ ના રહે તક જાળવ તારી,
ભાણી રટણ કર રામનું થાશે આનંદકારી. જાગ્ય. ૪

પદ ૨૨.

શાર્દુલ.

ગામી ઉત્તમ જ્ઞાન ભક્તિ સુમની વૈરાગ્ય નીતિ અતિ,
જાયે તાપ ત્રીવિધિના પલકમા થાયે ન ભુરી ગતી,
આપે સૌ સન્માન સ્નેહ ધરીને સંકષ્ટ કાપે હરી,
નાવે જન્મ ન મૃત્યુ સંતજનના સંગે કરીને ફરી. ૧

પદ ૨૩.

રાગ વસતતિલકા.

રે મુઢ ચેત તન કાળ ખાશે,
આવી અમુલ્ય તક ફોગટ ચાલી જાશે;
વેગે પ્રભુ ભજનની કરી લે કમાણી,
આયુષને તું નહીં મેળવ ધૂળધાણી. ૧
મારૂં ન તારૂં કરકો નહીં કામ લાગે,
થાશે બધા અલગ છેવટ દુઃખ ભાગે;
જંજાળ જાળ મહીં નાહક ના ફસાયે,
એકાગ્ર ચિત્ત કર કેવળ ઈશમાંયે.

પદ ૨૪.

મલાર.

જાગે ચઢી રઘુરાઈ, અબ આગત રથપે ચઢી હે રઘુરાઈ;

નાના ભાંતી ધરે પટ ભુખણુ છબી બરણુો નહીં જાઈ. અ૦ ૧
ભરત શત્રુઘન ચમર લીયે અરૂ છત્ર લખન કરમાંહી,
કરત બખાન અનેક બંદીજન મનમેં અતી હરખાઈ. અ૦ ૨
દેત અશીશ ગુરૂજન મુનિજન બેદ વચન સુનાઈ,
જોરી ઉભયકી નિરખત નીરંતર ભાની બલી બલી જાઇ. અ૦ ૩

પદ ૨૫.

રાગ—નાથ કેસે ગજકો બંધ છોડાયો.

અરે દેહધારી ડુબ્યા ભવ દરીયે, કહો કેવી રીતેરે ઉગરીયે.
કંચન કામનીમા મન મોહ્યું અવર નથી શુદ્ધ જરીયે;
જગત્માં જનમીને જન્મ ગુમાવ્યો લાભ ન લીધો લગરીયે. અરે૦ ૧
સદ્ગુણના ઉપદેશ સુણાવે તો ધ્યાન તહાં નવ ધરીયે;
હીતનાં કહે હૈયે ધરવા વચન તો ક્રોધ તેના પર કરીયે. અરે૦ ૨
ક્રોધના નાવમાં બેશી નીરાંતે ભાર ભુંડાઇનો ભરીયે;
કપતાન રૂપ કુડાં કૃત્યની સાથે કેમ કો પાર ઉતરીયે. અરે૦ ૩
દુરગુણનો સઢ વાહણે વીંટાવ્યો ડોલ્યું પછી મધ દરીયે;
ઇર્ષા સમીર ઝપાટે તે ઉંધ્રું વાળ્યું અહંકાર અરીયે. અરે૦ ૪
આશા રૂપી ધરી દુરબીન આંખે જેથી જણાય ન જરીયે;
લોભના લોઢમાં લાલચુ તમને તાણ્યાછે મોહ મઘરીયે. અરે૦ ૫
થોભવા કાંઇ રહ્યું ન ઠેકાણું કેવા ઉપાય આદરીયે;
પાણી ભરાયું પછી પસ્તાયા પાળ પે'લી નવ કરીયે. અરે૦ ૬
નીતિની બોટ વિષે નવ બેઠા જેમાં નો'તો ભય જરીયે;
સદ્ગુણનો સઢ સાથે ન રાખ્યો કેમ કહો પછી તરીયે. અરે૦ ૭
લંગર લીધું ન શાંત સ્વભાવનું જ્યારે પવન લાગ્યો ઝડીયે;

દીન દયા દુરબીન નવ લીધી નજર કીનારે શું કરીયે. અરે૦ ૮
ભાણી ભણે ભગવાન ભજન વીણુ સાધન સારા ન જરીયે;
કાગળ હોડી સમુદ્રમાં હાંકી કેમ કિનારે ઉતરીયે. અરે૦ ૯

પદ ૨૬.

ગોવિંદ જાણ્યા વિનાનાં વરસો ગાળીયાં—એ રાગ.

ભુલ્યો ભુલ્યો ભમે છે શું બેભાનમાં રે,
શું બેભાનમાં રે, મસ્ત ગુલતાનમાં રે. ભુલ્યો૦ ૧
મોહ વિશે મિથ્યા લપટાઇ, તૃષ્ણા માંહે જાય તણાઈ,
પણ અંતે શું તારૂં ધર તું ધ્યાનમાં રે. ભુલ્યો૦ ૨
જાગ્ય જરા વિચાર કરીને, કાળ ઉભો પિસ્તોલ ધરીને;
તાકી રહ્યો તે નહીં મૂકે નિશાનમાં રે. ભુલ્યો૦ ૩
પાણીમાં પરપોટા થાયે, પલક વારમા ફુટી જાયે;
તે સમજાવે તુજને જોને સાનમાં રે. ભુલ્યો૦ ૪
ઉન્મત્તતાથી અંગ તપાસે, અતર ફુલની ધરે સુવાસે;
જોઇ રીઝે ઉપરના અચ્છા વાનમાં રે. ભુલ્યો૦ ૫
ભીતર જો કંઇ જ્ઞાન દિવાથી, ભાસે ગંદુ મળ મૂત્રાદિ;
માંસ રૂધિર ભરેલું સર્વે સ્થાનમાં રે. ભુલ્યો૦ ૬
રાત દિવસ રળતાં ન ધરાણો, લોભ લાભથી નહિં થોભાણો,
આશા તારી જઈ પહોંચી આસમાનમાંરે. ભુલ્યો૦ ૭
નવરો નહિ કરતાં ઉધામાં, રોકે બહુ રઢીઆળી રામા;
એક ઘડી નહીં રાખ્યું ચિત્ત ભગવાનમાં રે. ભુલ્યો૦ ૮
કરીઝંખના ધનદારાની, અદકી આશા સુખ સારાની;
ખોયો આખો ભવ એવાં તેં કામમાંરે. ભુલ્યો૦ ૯

મિથ્યા સુખમાં મોહ્યો ભારી, લલના એમાં લાગી તારી,
મોહે અંધ બન્યો છે તું ગુલતાનમાંરે. ભુલ્યો૦ ૧૦
આખો ભવ તું એમ રખડીયો, પ્રભુ ભજ્યા વીણુ પાર ન પડીયો;
દેહ અમુલખ ડુલંવ્યો એક બદામમાંરે. ભુલ્યો૦ ૧૧
મેળવીયું કરી મારૂં મારૂં, પણ ન મળે તલ ભારે તારૂં,
આખર નહીં રહેવાદે કહી એક કાનમાંરે. ભુલ્યો૦ ૧૨
ધાયો કરીને મારાં મારાં, કોઇ સંબંધી ન મળે તારાં;
દૂર થશે સઉ સળગાવી સમશાનમાંરે. ભુલ્યો૦ ૧૩
ભાણુી એમ કહે કરજોડી, મીથ્યા તેં ચોળી રાખોડી;
પ્રેર્યું નહીં તેં ચિત્ત હરી ગુણ ગાનમાંરે. ભુલ્યો૦ ૧૪

પદ ૨૭.

સદ્બોધ વીવાનો રાહ.

સતસંગરૂપી રાજ સભામાં હું તો બેઠી જાઇ રે,
જોવા સરખું રૂપજ દેખ્યું હરીવર કેરૂ ત્યાંઇ રે. ૧
હું તો મારા મનમાં હરખી હરી હરખ્યા અપારરે,
જોતાં જોતાં જોડજ લાધી લાગ્યો છે એક તારરે. ૨
સદ્ગુરૂ પાસે વિનયજ કીધો હરી મેળવવા ત્યાંયરે,
ગુરૂ કૃપાળે કરૂણા કીધી શબ્દે આપી સાહ્યરે. ૩
શ્રદ્ધારૂપી સગપણ કીધું સમતાનું નાળીયેર રે,
આનંદરૂપી ત્યારે ઉઠી મારા મનમાં લેહેરરે. ૪
ભક્તિરૂપી વસ્ત્ર મુજને ચડાવ્યાં છે આવી રે,
તેણે હું તો દીસું રૂડી વાલાને મન ભાવી રે. ૫
કંકણ રણીનો કંચુવો પેર્યાં શીલતા રૂપી સાડી રે,

ચતુરાઈ કેરો ચણીઓ પેર્યા નિત્ય નિયમની નાડી રે. ૬
ક્રીયારૂપી કંકણુ હાથે દયારૂપી હાર રે,
ચંદ્ર ચુડામણિ શિરપર સોયે સત્ય સીંદુર સાર રે. ૭
જ્ઞાન ત્રોટીકાને સોયે અરજ તીલડી ભાલ રે,
જુક્તરૂપી નથડી નાકે નિર્મળ મોતી માળ રે. ૮
રીત ભાતના લંગર લીધા જરણા ઝાંઝર જોડ રે,
સુરતા કેરો સણુઘટ વાળ્યો પૂર્યા મનના કોડ રે. ૯
શુમેરદાસ માહારાજ પ્રતાપે પૂરણ પદને પામીરે,
ભાણી ઉભી કર જોડીને વીટંબણા સઉ વામી રે. ૧૦

પદ ૨૮.

રાગ ઉપરનો.

હવે મારા વીવા આવ્યા આનંદ અપાર રે,
મારા મનમા હું તો હરખી દીઠું સારમા સાર રે. ૧
ગુરૂ જ્ઞાનીએ લગ્ન લખીયા નિવૃત્તિ જે દાડે રે,
હ્રદય પત્ર ઉપર રૂડા વેદીક મંત્રો માડે રે. ૨
જ્ઞાન સ્વરૂપી ગણેશ બેસાડયા તોરણ તપનાં છાજ્યાંરે,
ધ્યાન સ્વરૂપી ધજા ચડાવી અનહદ વાજા વાજ્યાં રે. ૩
નિવૃત્તિ માહી પીઠી ચોળે મારી દેહે આવી રે,
કુબુદ્ધિરૂપી કાળપ નાઠી ભલી હું મનમાં ભાવી રે. ૪
અનુભવરૂપી પીયળ કાઢી સાથે રહી સહીયેર રે,
વિશ્વાસ રૂપી વાહન બેઠી મેં લીધું નાળીયેરરે. ૫
ફુલેકે ચડીને હું તો ચિત્ત ચૌટામાં ચાલી રે,
આગળ આગળ સજ્જન ચાલે તેને ભરોસે માલી રે. ૬

નીતિ બેની લુણ ઉતારે બેઠી મારી બાંય રે,
અધર્મરૂપી આતસ બાજી ઉડાડી છે ત્યાંય રે. ૭
વિવેક વિરે મારે કાજે મોસાળાં લઇ આવે રે,
નિવૃત્તિ માડી મનમાં હરખી કુલેકુ વધાવે રે, ૮
ગુરૂ પ્રતાપે ભાણી ગાયે મનમા થઇ મગન રે,
ગુરૂ કૃપાળે ઘડીજ માંડી સાંધ્યા છે લગન રે. ૯

પદ ૨૯.

રાગ ઉપરનો.

બુદ્ધિ પરણે આતમ રામને મતી મંગળ ગાય રે,
શુદ્ધ વિચારનું મીંઢોળ બાંધ્યું હું પણ થૈ તૈયાર રે. ૧
દયા ધરમ ને શીલ સંતોષે વાતજ મુજને કાહાવી રે,
આતુરતા સાહેલી મુજને ઉપાડીને લાવી રે. ૨
એકયતારૂપી વરમાળા તો મારે કંઠે નાખી રે,
ઇડા પીંગળા ચંદ્ર સુરજ રાખ્યા તેના શાખી રે. ૩
હથેવાળો હરીશુ મેળ્યો પાછો કર કેમ થાય રે,
અજ્ઞાન રૂપી અંતરપટ તો ખસેડી દીધો ત્યાય રે. ૪
શામળીયાનું સ્વરૂપ નિરખી નાઠા સઉ વિકાર રે,
હવે બાઇ હું તો છુટી ચોર્યાશીનો ભાર રે. ૫
ગુરૂ જ્ઞાનીએ મેહેર કરીને ઉતારી ભવ પાર રે,
ભાણી તથી આનંદ પામી મનમાં વારંવાર રે. ૬

પદ ૩૦.

રાગ ઉપરનો.

ચાર વેદની ચોરી રચી કે'તાં નાવે પાર રે,

પ્રેમ સ્વરૂપી છેડા ગાંઠયા વરત્યા મંગળ ચાર રે. ૧
કામ ક્રોધ ને મોહ મત્સરના જવ તલ હોમાય રે,
અખંડ એવાતણ ગુરૂએ આપ્યું મારા કર્ણમાંય રે. ૨
કૃપા સ્વરૂપી કંસાર હરીએ કર પોતાને લીધો રે,
જનમ મરણુની ભુખજ ભાંગી મારા મુખમાં દીધો રે. ૩
સુષુમ્ણા તો સાસુ મુજને પોખવા આવ્યાં ત્યાંય રે,
પ્રેમ સ્વરૂપી ગુલાલ મારે આંગણુંયે નવ માય રે. ૪
ગુરૂ પ્રતાપ બેની હું તો પુરણ પદને પામી રે,
ભવસાગરનો ફેરજ છુટયો વૃત્તિ સઘળી વામી રે. ૫
ભાણુી કે છે ભજનાનંદે સર્વે સંતની દાસ રે,
શુમેરદાસજી ગુરૂ પ્રતાપ પુરી મારી આશ રે. ૬

પદ ૩૧.

હોરી.

ભોગ રોગે ગયો તું ભેળાઇ ભેળાઇ, ભોગ રોગે ગયો તું ભેળાઇ,
સંસારનો સાર સુખનો તે માની,
વૈભવ ભોગવ્યા ભાઇ અવર જોયું નહીં આખ ઉઘાડી,
મોહે રહ્યો તું મોહાઈ થયો મગ્ન માણી સદાઈ. ૧
નુતન કર્યાં નૃત્ય નાથની સાથે,
રસમા રમીકાને ગાઇ રાત દિવસ કર્યું રભા રમણુ તે,
રંગે રહ્યો છે છવાઈ કશી નહીં રાખી કચાઇ. ભોગ૦ ૨
મદનતણા મોટા અશ્વે ચડીને,
દોડયા ખુબ ધરાઈ ખેલંગો આંને ઉરી ધુળ તેથી;

આંખ ગઈ છે ભરાઇ નથી સુજતું એથી કાંઈ. ભોગ૦ ૩
અહંપદ ધુમર નેત્રે ઉડયાથી,
રાહ સુજે નહીં કાઇ મમતા ખાડ આર્વા અતી ઉંડી;
તેમાં જશે પછડાઈ કુલેકું ચડયું જે કુલાઇ. ભોગ૦ ૪
નવિન પદારથ નિત્ય ગમે છે,
મિષ્ટ ભાવે છે મીઠાઈ ખટરસ સ્વાદની ખત કરી તું,
ખુબ ખુશી થયો ખાઇ આણ્યા ઓડકાર ધરાઈ. ભોગ૦ ૫
પાચન કરવા પ્રયાસ ન કીધો,
સુઇ રહ્યો ખુબ ખાઈ મૃગજળ તૃષ્ણાની પ્યાસે પીડાયો;
અપચો થયો અકળાઈ ભર્યું જાજરૂ પછી ભાઇ. ભોગ૦ ૬
તૃષ્ણાના તાપ તપે તારે અંગે જ જાળ ઝેર છે ભાઇ,
કશિકની ઉલટી આવે અતીશે,
તેથી ત્રિદોષ જણાઈ થયા ભેગા સૌ રોગ ભાઈ. ભોગ૦ ૭
જોતાં તારાં કૃત્ય જન્મ પત્રીકા,
નવ ગ્રહ રહ્યા છે ચીડાઇ રીષ્ટ થયું તૃણ પાયે તુંને તો;
ખરેખરૂ કહું સમ ખાઈ ગયો દરદે તું દબાઇ. ભોગ૦ ૮
આવી પડયો તું તો અંત પથારી,
પુરણ પડે પીડાઇ ભોગના રોગે કર્યા ભંજવાડા;
કીધી ન સત્ય કમાઈ રેહેશે મનની મનમાંહી. ભોગ૦ ૯
વૈભવમા ખુબ મગ્ન બનીને,
અન્ય વિચાર્યું ન કાંઈ આળસ આવે હરી ગુણ ગાતાં;
ભાગવા દોડયો ભવાઈ તેનાં ફળ ઉલટયાં ભાઇ. ભોગ૦ ૧૦

ઉગરવાના ઉપાયતણી તો કળ ન જડે હવે કાંઈ,
ચેત હજી એ ઉપાય છે છેલ્લો,
માન્ય કહ્યું મનમાંહી રહ્યો ભેખડે શુ ભરાઈ. ભોગ૦ ૧૧
લે મન લાજ વાળી એટલેથી,
મેલ બધી ચતુરાઈ વિશ્વપતી વૈદરાજને તારી;
નાડ દે ને સોંપી ભાઇ કરે સર્વ કાળ સહાઈ. ભોગ૦ ૧૨
કેવળ શરણુ હરીનુ ગ્રહ્યાથી સમય જશે સુખ માંહી,
અમર બનીશ તરીશ ભવાટવી,
ભાણી ભણે સમઝાઇ રહીશ નિરોગી સદાઈ. ભોગ૦ ૧૩

પદ ૩૨.

ઘેલી મુને કીધી શ્રી રામજી રંગીલે,
હ્રદય બાણ મેલ્યાં તે પ્રેમ સંગીલે. ટેક.
એક દીન ઝરૂખે જઇને હું તો બેઠી,
હારે ભાગ જોગે નજર ગઇ હેઠી,
દીઠા રાજકુંવરને તાલાવેલી પેઠી રે. ઘેલી૦ ૧
જોઈ જુગલ જોડીને મનડુ થોભાયુ,
હાંરે શામ રૂપ પર લોચન લોભાયુ,
ત્યાંથી લોક લજ્યાએ બળે કરી તાયુ રે, ઘેલી૦ ૨
વાલે મારે પીળુ પીતાંબર પેર્યું,
હાંરે તેની ચટકતી ચાલે દીલ ઘેર્યું,
હાંરે ડાબે સ્કંધે છે સુત્રની સેર્યું રે. ઘેલી૦ ૩
હાંરે નાનાં સુનાં ધનુષ ધર્યાં હાથે,
હાંરે બાંહ્ય સોહે બાજુબંધ સાથે,

હાંરે પાઘ પચરંગી બાંધી છે નાથે રે. ઘેલી૦ ૪
હાંરે કર્ણ કુંડલમાં હીરલાની જયોતી,
હાંરે વાળા ઘુચળામાં શોભે છે મોતી,
હાંરે વારે વારે નિહાળી હું તો જોતી રે. ઘેલી૦ ૫
હારે હૈયે હાર હાટકના રાજે,
હારે મુક્તા મણિયો તે મધ્ય છાજે,
હારે રૂપ જોઇને મનમથ લાજે રે. ઘેલી૦ ૬
હાંરે લીલમ પોચી પેરી છે પાતળીયે,
હારે વેઢ વીંટી ધરી છે આંગળીયે,
હારે વેણી ગોફણુ બાંધી છે સાંકળીયે રે. ઘેલી૦ ૭
હારે જોઇ રૂપ અનોપમ એવું,
હારે લાગ્યો પ્રેમ તે કોની આગળ કહેવું,
હારે થાય દુઃખ તે વિરહનુ તે સહેવું. ઘેલી૦ ૮
હારે પ્રભુ દાસીનુ દુઃખ નિવારો,
હારે દર્શન દેવાને પ્રેમે પગ ધારો,
હારે કહે ભાણુી જેમ તેમ કરી તારોરે. ઘેલી૦ ૯

પદ ૩૩.

શામળીયા શુ મનડુ માન્યું, કેમ કરી રાખું છાનુ રે. શામળીયા૦
બાળપણુામાં પ્રીત લગાડી, વંદ્રાવનમાં રાસ રમાડી,
મોરલીમાં અતી મોહ પમાડી, ઘેલી કીધી મુને માડીરે. શામળીયા૦૧
વાત બીજે વરવાની ઉચારો, પરણાવો જો કદીએ પ્યારો,
તો તજશું હમે દેહ અમારો, જન દેશે ફીટકારોરે. શામળીયા૦૨
સ્ત્રી હત્યા શીર ચડશે તારે, પસ્તાવું પછી પડશે ભારે,

પરણુવો નંદ કુંવર મારે, ભવ જળ પાર ઉતારેરે. શામળીયા૦૪
સામરી સુરત રૂપ ગુણ રાશી, સુખસાગર નાગર અવિનાશી,
એ મારો ભર્તાર હું દાશી, ટળી જાય લક્ષ ચોર્યાશીરે. શામળીયા૦૫
પટરાણી કરીને સ્થીર સ્થાપે, સાસુ નણંદ કદીયે ન સંતાપે,
સુખ અખંડીત એ વર આપે ભાણી ભવ દુઃખ કાપેરે. શામળીયા૦૫

પદ ૩૪.

રાગ–પ્રેમની પ્રેમની પ્રેમની રે.

શું કર્યું શું કર્યું શું કર્યું રે જીવ જગતમાં જન્મીને શું કર્યું–ટેક.
રામ કૃષ્ણ ગુણ મુખે ન ગાયા, પરનિંદામાં શું સર્યુંરે. જીવ૦૧
દ્રશ્ય પદારથ સાચા રે માની, મનડુ માયામાં ઠર્યું રે. જીવ૦૨
વિષયવિકાર તુંને વહાલારે લાગ્યા, મુળ સ્વરૂપ તારૂં વિસર્યુંરે. જીવ૦૩
કાચનો કટકો હાથમાં રાખી, રત્ન અમુલ્યક પરહર્યું રે. જીવ૦૪
ભાણી કહે ભગવાન ભજન વીણ કારજ એકે નવ સર્યું રે. જીવ૦૫

પદ ૩૫.

ધરી પ્રેમ રટી લે તું રામનામ રે, મુરખ મન મારા.
નથી બેસવાનું લેશ તેમાં દામરે. મુરખ૦ ૧
તેના સ્મર્ણથી ટળે દુ:ખો તમામ રે, મુરખ૦
નથી એ વિનાનું ખાલી કોઈ ઠામરે. મુરખ૦ ૨
સકળ વિશ્વમાં રહ્યો છે વ્યાપી એક રે; મુરખ૦
ધરે રૂપ એક છે છતાં અનેક રે. મુરખ૦ ૩
એવા રામને મુકીને કામ માંય રે; મુરખ૦
સમય ગાળ્ય નહીં કાળ જાશે ખાય રે, મુરખ૦ ૪

પ્રભુ ભક્તિમા રહ્યું છે સુખ નિત્ય રે; મુરખ૦
અવર સુખ છે બધાં નક્કી અનિત્ય રે. મુરખ૦ ૫
ધરી ખંત કર અંતની કમાઇ રે; મુરખ૦
જેમ રાજી રઘુરાય સદા થાય રે. મુરખ૦ ૬
વિષય વાસના વિશે ન રાખ્ય વાહાલ રે, મુરખ૦
થયા રાવણાદિના કેવા હાલરે. મુરખ૦ ૭
મુકી માયા મમત્વ અભિમાન રે, મુરખ૦
ધર રામ પાદ પદ્મતણું ધ્યાન રે. મુરખ૦ ૮
ખરી છે કમાણી અંત તણી એજ રે; મુરખ૦
રહ્યા છે અલભ્ય લાભ તે વીશેજ રે. મુરખ૦ ૯
જન્મ મરણ નહીં આવશે જરાયરે, મુરખ૦
વળી પળ પળે થશે હરી સહાય રે. મુરખ૦ ૧૦
ફરી દાવ નથી આવો મળનાર રે; મુરખ૦
માટે માન શીખ આટલી અમાર રે. મુરખ૦ ૧૧
મોહ મધ્ય બની જા ન ગુલતાન રે. મુરખ૦
ભણે ભાણી ભજી લે તું ભગવાન રે. મુરખ૦ ૧૨

પદ ૩૬.

હરિગીત

તન મન ધને નિજ સ્વામીની સેવા કરે સત્ય પ્રેમથી,
કુચ્છંદને ત્યાગી કરી વરતે સદા શુભ નેમથી;
ગૃહ કાર્ય માંહી કુશળ રહે ભાવે ભજે કિરતારને,
છે ધન્ય ધન્ય સહસ્ત્ર એવી નારીના અવતારને. ૧
ભાળે ન આડી આંખથી ઉંચે સ્વરે નહિ ઉચ્ચરે,

નહીં લેશ પર નિંદા કરે ને નીતિને વળી પરહરે;
પેહેરે નાહં પટકુળ આછાં સમજી સાર અસારને,
છે ધન્ય ધન્ય સહસ્ર એવી નારીના અવતારને. ૨
સાસુ શ્વસુરની માનથી મર્યાદ રખે સુંદરી,
વાણી વિવેકેથી વદે અભિમાન નહી ધારે જરી;
ગશ યશ વધારે દશ દીશાએ સાચવે સંસારને,
છે ધન્ય ધન્ય સહસ્ર એવી નારીના અવતારને. ૩
સુખ દુઃખને સરખા ગણે સતોષ રાખી મન મહીં,
નિશ દીન રહે આનંદમાં કદી કલેશ લેશ કરે નહીં;
ચાલે સમયને અનુસરીને વશ કરે ભરતારને,
છે ધન્ય ધન્ય સહસ્ર એવી નારીના અવતારને. ૪
આવે અતિથી આગણે તેને જમાડીને જમે,
સંગત કરે સતી નારીની ગમવા ગુરૂ જનને નમે;
સદ્બોધની વાતો સુણી કંપે સ્વહૃદય વિકારને,
છે ધન્ય ધન્ય સહસ્ર એવી નારીના અવતારને. ૫
સીતા અનસુયા અને સાવિત્રિ ઉમીયા નર્મદા,
તે સમ વળી પાળે પતિવૃત્ત ધર્મ વનિતા સર્વદા;
ભાણી ભણે દીપે દીપાવે ઉભય પક્ષાકારને,
છે ધન્ય ધન્ય સહસ્ર એવી નારીના અવતારને. ૬

પદ ૩૭.

દોહરા.

પતિવૃત્તાના ધર્મ સહુ દરશાવ્યા છે જેમ;
કથન કર્યો છે શાસ્ત્રમા, વિધવાના પણ તેમ. ૧

સ્વર્ગે સ્વામી ગયા પછી, પણ નીતિ ધર્મ જશાય;
સદ્‌ગુણીયે નવ છોડવા, પ્રાણ ભલે કદી જાય. ૨
તન મન વાણી વશ કરી, ભજવા શ્રી ભગવાન;
તજવા વળી કુવિચારને, વિષય કપટ અભિમાન. ૩
સૂર્ય ઉદય પેલાં તજી, નિંદ્રાને તત્કાળ;
એક ચિત્તે સંભારવા શ્રી હરી દીન દયાળ. ૪
શૌચાદિક કર્મો કરી, તજવું આળસ મંદ;
વસ્ત્ર વિના નાહ્‌વું નહિ, ચોળી તેલ સુગંધ. ૫
શ્વેત વસ્ત્ર બનતાં લગી, ધારણ કરવાં અંગ;
નહિ તો સાદાં પહેરવાં, કુળ મર્યાદા સંગ. ૬
શુદ્ધ થઇ તન મન થકી, પરહરી સઘળો વે'મ;
નિત્ય કર્મ શાસ્ત્રો મુજબ, કરવું આણી પ્રેમ. ૭
સમય પ્રમાણે વર્તવું, જેમ ન નિંદે કોય;
એક વખત જમવું વળી, સાદુ અન્ન જે હોય. ૮
પુષ્ટિકારક અન્ન તણો, કરવાથી અતિ આહાર;
પ્રગટે છે નિજ શરીરમાં, પ્રમાદ આદિ વિકાર. ૯
સંત ગુરૂ પટ્‌શાસ્ત્રના, વાકયો પર વિશ્વાસ;
હરનિશ પુરણ રાખવો, સંશયનો કરી નાશ. ૧૦
કુલટા કેરા સંગથી, રે'વું નિશદીન દૂર;
સતીયો કેરા સંગમાં, રે'વું સદા જરૂર. ૧૧
જેમ ઉભય કુળની વધે, શાખા જગત મોઝાર;
તેવું આદરવું વળી, વરતન વારંવાર. ૧૨
ગુરૂ જન સંત સતી તણું, કરવું નહીં અપમાન;

મેળવવું વળી મેહેનત કરી, ભવ તરવાનું જ્ઞાન. ૧૩
કામાદિક ષડ્ શત્રુનો, સત્વર કરવો ત્યાગ;
સુખ દુઃખ સરખા માનવા, દ્વેષ અને તજી રાગ. ૧૪
ઠઠ્ઠા બાજી કોઇની, સાથ ન કરવી લેશ;
ધરવા નહીં અંગે કદી, કલંકકારક વેશ. ૧૫
ભવાઇ તમાશા નાટકો, જોવાં નહીં લગાર;
ગીત કદી ગાવાં નહીં, વૃત્ત ખંડીત કરનાર. ૧૬
એકાદશી આદિ વૃત્તો, કરવાં તજી પ્રમાદ;
અસત્ય ભાષણ ને નહીં, કરવો મિથ્યા વાદ. ૧૭
પરનર કેરા કર વીષે, દેવા નહીં નિજ હાથ;
એકાંતે નવ બેસવું, પીતા બંધુની (પણ) પાસ. ૧૮
કાર્ય વિના જાવુ નહીં, કદી પરાયે ઘેર;
કોઇ તણી સંગે નહીં, કીંચીત કરવું વૈર. ૧૯
વાણી વદવી વિનયથી, સર્વ તણી સંઘાત;
નીચું નિહાળી ચાલવું, સંભાળી નીજ જાત. ૨૦
બ્રહ્મચર્ય વૃત્ત પાળવું, સત્ શાસ્ત્રાનુસાર,
પલંગ પર સુવુ નહીં, વિધવાઓ કો વાર. ૨૧
શીયળ કદી નવ ચુકવું, ભલે પડે નિજ શીશ;
શુદ્ધ મને આરાધવા, અવિનાશી જગદીશ. ૨૨
એ નિયમોથી ઉલટી, રીતે જે કરનાર;
તે વિધવા સ્ત્રી જાય છે, નિશ્ચે યમને દ્વાર. ૨૩
ધરે શુવાસણના કદી, વિધવા થઇ શણગાર;
પતી તેનો સ્વર્ગે છતાં, પડે નર્ક મોજાર. ૨૪

વ્યભિચારાદિક જે વળી, કર્મો છે કરનાર;
કોટીક કલ્પ લગી રહે, નર્ક વિષે તે નાર. ૨૫
શાસ્ત્રે જે વર્ણન કર્યા, વિધવા કેરા ધર્મ;
સદૈવ તેના મન વિષે, સમજી લેવા મર્મ. ૨૬
યથાર્થ તે વૈધવ્યને, જે સ્ત્રી અનુસરનાર;
સ્વર્ગતણું સુખ ભોગવે, રહી પતી સંગ અપાર. ૨૭
શીયળ નીરંતર સાચવી, ગાળે જીવન તમામ;
ભાણી ભવ સીંધુ તરી, કરે અમર નિજ નામ. ૨૮

પદ ૩૮.

હરીગીત.

હે અલક અભરાભરણ અવિકારી હવે હું શું કરૂં,
આધી ઉપાધિ વ્યાધીથી હાર્યો હતું સુખ જે ખરૂં;
ખટ શત્રુએ અતી જુલમથી કાયા નગરને ઘેરીયું,
હતું બાગ જે જ્ઞાનનું છળ કરવતે કરી વેરીયું. ૧
ડંકો વગાડયો જોરથી કામે કુટીલ અશ્વે ચડી,
સતસંગ ચોકીને ખસેડી દુષ્ટ ભાવો દીલ ધરી;
લુંટયો ખજાનો ભક્તિ જરનો મન સચીવને વશ કરી,
સાથીત હતી જે બુદ્ધિ તેને યુક્તિથી કરી બાવરી. ૨
રક્ષક હતી જે ઇંદ્રિયો દશ વશ કરી લલચાવિને,
નિર્ભય થયા તે પાપી પુરમાં આણ નિજ વરતાવીને;
મમતા મદીરા પાઇને ચકચુર પણ મુજને કર્યો,
નિર્ભય મુગટ છીનવી લઇ માયા મુગટ માથે ધર્યો. ૩
ઘાયલ કર્યો મારી ઘણો અહંપદરૂપી હથીયારથી,

એથી નથી હીંમત રહી છુટા થવા સંસારથી;
જો આપ કરશો સાહ્યતા તો વેરીયો નાશી જશે,
ફેરો ફરી કદી લક્ષ ચોર્યાશી તણો નહીં આવશે. ૪

પદ ૩૯.

રાગ ભેરવ.

તુમ જાગો અવધ બીહારી પ્રેમ સમેત જગાવત જનની. તુમ.
ઉદય ભયો રવિકુલ નાયક બીત ગઇ અંધીઆરી. તુમ. ૧
બોલત હે બાની પક્ષીવૃંદ મનહર મંગળકારી. તુમ. ૨
દ્વારે બંદીજન વિપ્રનકી ભીડ ભઈ હે ભારી. તુમ. ૩
ગુરૂ વશિષ્ઠ અરૂ દશરથ નૃપ દેખત રાહ તુમારી. તુમ. ૪
દરશનકે કારન સબ આએ ઘર ઘરસેં નર નારી. તુમ. ૫
ગડ ગડ ગડ ગડ નોબત બાજે ઓર મૃદંગ મનોહારી. તુમ. ૬
ઉઠહુ રામ કલેવા કીજે મંજુલ મુખ પખારી. તુમ. ૭
સામરી સુરતપર પ્રભુ પુની પુની ભાની જાય બલીહારી. તુમ. ૮

પદ ૪૦.

રાગ—સુખ દુઃખ મનમાં ન આણીયે.

કરત સખા લઈ સંગમે કલેવો ચારો ભાઇ,
કૌશલ્યાદિક દેખકે હરખત મનમાંહીં. કરત૦
ખાત ખીલાવત હાથસે રઘુવર સુખદાઇ,
ભાની કહુ કહા નાથકી લીલા બરની ન જાઇ. કરત૦

પદ ૪૧.

રાગ-સુંદર વેણ વાગે.

માત જસોદા પુછેછે વાતરે, કાનવર ક્યા ગ્યાતા ક્યા ગ્યાતા;

વાટ જોઉઙ્યું સારી રાતરે, કાનવર૦ ૧
તારૂં શરીર તે રજે ભરાણુરે, કાનવર૦
પટ પીતાબર ક્યાંરે રોળાયુંરે. કાનવર૦ ૨
બોલો બાપુ જાઉ બલીહારીરે; કાનવર૦
તું છે છોટો પણ ગત છે ભારીરે. કાનવર૦ ૩
ભાણી આશા રાખે છે તમારીરે; કાનવર૦
જાઉ મુખચંદ્ર પર વારીરે. કાનનર૦ ૪

પદ ૪૨.

રાગ ઉપરનો.

સાખી.

વચન સૂણી વૃજરાણીના હસીયા જુગજીવન;
ધેન ગુમાવી આપણી મુજ માતાજી વંદ્રાવન રે.
ગીરીવર ગઉ ચારી ગઉ ચારી,
જોયું વૃજ ગોકુળ કુંજ બોળીરે, ગીરીવર૦
થાકયો રાત સારી હું ખોળીરે. ગીરીવર૦ ૧
મારૂં શરીર તે શ્રમે ભરાણુંરે; ગીરીવર૦
પટ પીતાંબર ત્યાં રોળાણુરે ગીરીવર૦ ૨
સાથે નોતા બળભદ્ર વીરરે; ગીરીવર૦
તેથી નયણે ભરાણું નીરરે. ગીરીવર૦ ૩
ભાણી ભાવે જાયે બલીહારીરે; ગીરીવર૦
રાખો લજ્જા હું દાસી તમારીરે. ગીરીવર૦ ૪

પદ ૪૩.

રાર્મ તજીને ભજ મન સીતારામને,

જે પ્રભુજી છે નોધારાના આધાર જો;
ટાળે કુડા સંકટ જન્મ મરણ તણા,
નામ સમરતાં ઉતારે ભવ પાર જો   સર્વ૦ ૧
અજામેળ ગુણિકા સંગે રેતો સદા,
પુત્ર પ્રેમથી ઉચાર્યું છે નામ જો,
નારાયણે દાસ પોતાનો માનીયો,
કૃપા કરીને આપ્યું છે નિજ ધામ જો.   સર્વ૦ ૨
રાગી વિરાગી થઈને ધ્રુવ વન નિસર્યા,
નારદજીએ દીધો છે ઉપદેશ જો;
દ્વાદશ અક્ષર મનમાં તેણે જાપીયા,
સ્તવન કરે છે પ્રભુનું બાળે વેશજો   સર્વ૦ ૩
દાનવકુળે ભક્ત જો પ્રેહલાદજી,
પીતા વચનને કીધ તેણે ફોક જો:
રાજા રૂઠયો નામ સુણી ભગવંતનું,
નરસિંહજીએ કૃપા કરી અથોકજો.   સર્વ૦ ૪
વિપત્તિ સમયે પાંડવને ઉગારીયા,
ભક્ત જાણી દીધી છે ઘણી ધીર જો;
સમરણ કરતા પે'લાં આવ્યા શ્રી હરી,
દ્રૌપદી કેરાં ખેંચાણાં જ્યાં ચીર જો   સર્વ૦ ૫
નરસી મેહેતે વારંવાર અરજ કરી,
તેનાં પણ તે વખતે કીધાં કાજ જો,
સુદામાનું દારીદ્ર પણ ટાળીયું,
મુઠી તાંદુળ આરોગ્યા મહારાજ જો   સર્વ૦ ૬

એવા હરીને ચરણે જા તું પ્રેમથી,
ઉતારે ભવસાગરથી તે પાર જો;
સંયમીનીના સ્વામીથી મુકાવશે,
નમન કરીશ જો ગુરૂને વારંવાર જો. સર્વ૦ ૭
ભાણી ભવસાગરમાં બહુ વિધ ભાટકી,
જોતાં જડીયું સદ્‌ગુરૂ શબ્દનું નાવ જો;
તુર્ત બેઠી તે ટાણે ધરી એક ટેકને,
ટળી ઉર્મીઓ શ્રી સદ્‌ગુરૂ કેરે પ્રભાવ જો. સર્વ૦ ૮

પદ ૪૪.

ઝુલણા.

મંગળ આરતી માત પ્રેમે કરી રઘુપતી રામ કેરી ઉતારે,
મંગલીત ગાય ગીત માનુની હર્ષથી સુત કવિ શબ્દ જયના પુકારે;
વિપ્ર આશિષ દે વેદ મંત્રોવડે બંદીજન સર્વ શુભ યશ ઉચારે,
ઝણુણુ થાય ઝણુકાર ઝાલરતણા ઘણુણુ વાજે ઘણા ઘંટ ભારે. ૧
શંખ તુરી અને ભેર ભુંગળતણા નાદ થાયે અવધનાથ દ્વારે,
તાલ વાજે પખાવજ વિણા દુંદુભી ઢોલ શરણાઈ તંબુર ત્યારે;
નૃત્ય નૂતન કરે અપ્સરા વૃંદ ત્યાં ગાય ગંધર્વ વીવિધ પ્રકારે,
રૂપ ભાણી કહું શું વધુ નાથનું શેષ નવ પાર પામે લગારે. ૨

પદ ૪૫. શાર્દુલ.

ગુરૂ સ્તુતિ.

જેના દર્શવડે ત્રિવિધી તનના તાપો ટળી જાય છે,
જેના ધ્યાનવડે વિકાર મનના ન્યારા સહુ થાય છે;
જેના કેવળ નામના જપવડે નાસે બધી આપદા,

એવા શ્રી ગુરૂવર્યને હું પ્રણમું પ્રેમે કરી સર્વદા. ૧
જેના ચન્દ્ર વરૂણ રૂદ્ર શુક ને વિષ્ણુ ગુણો ગાય છે,
જેના શાસ્ત્ર શ્રુતિ વખાણ કરતા થાકી વળી જાય છે;
જેને શેષ કુબેર ઇંદ્ર મુનિઓ સેવે સદા શારદા,
તેવા શ્રી ગુરૂવર્યને હુ પ્રણમું પ્રેમે કરી સર્વદા. ૨
થાયે પાપ અમાપ ભસ્મ પળમાં જેની કૃપાએ કરી,
જેના સેવન માત્રથી ભવ વિષે ફેરો ન આવે ફરી;
જેના ઉત્તમ બોધથી ષડરીપુ પીડા ન આપે કદા,
તેવા શ્રી ગુરૂવર્યને હું પ્રણમું પ્રેમે કરી સર્વદા. ૩

પદ ૪૯.

સખી આજની ઘડી રળીઆમણી–એ રાહ.

સખી આજની તીથી રળીઆમણી રે,
મારા ગુરૂજી પધાર્યા તે વધામણી જો. સખી૦ ટેક.
સખી સુરજ સોનાનો આજ ઉગીયો જો,
મારા ભાગ્યતણો પાર જરી ના રહ્યો જો. સખી૦ ૧
સખી થાળ મોતી રત્ન પુષ્પના ભરીજો,
ગુરૂરાજને વધાવું હુ વહાલે કરી જો. સખી૦ ૨
મળ્યા તીર્થ સર્વ મુજ આગણા મહીંજો,
આપે સુખ બહુ વાયુ શાંતિનો વહી જો. સખી૦ ૩
ગુરૂરાયે દીન જાણી કરૂણા કરી જો,
મારા જન્મ મર્ણ કેરી આપદા હરી જો. સખી૦ ૪
કીધી અખંડ સોહાગી કર ગ્રાહીને જો,
હર્યા તાપ પ્રભુ પ્રેમરસ પાઇને જો. સખી૦ ૫

ભણે ભાણી હું તો આજ કૃતારથ થઇ જો,
મારા અતરની ઉરમી શમા ગઈ જો. સખી૦ ૬

પદ ૪૭.

વિભુ નટવર નાગર રૂપ–એ રાહ.

હવે હદ થઈ મનવા મુક ફેરા ફરવાનું,
આ ટાણું નહિ તું ચુક ભવજળ તરવાનું. ટેક.

આકળના જળ બીંદુ જેવા જગત તણો છે ખેલરે;
આ મારૂં આ તારૂં એવી મિથ્યા બ્રાંતિ મેલ. ફેરા૦ ૧
રઘુ દીલીપ દુર્યોધન રાવણ સરખા રાય અનેક રે;
આવ્યા તેવા ગયા મુકીને સઘળુ એકાએક. ફેરા૦ ૨
જન્મ મરણની છે હે બંધુ અતિ દુસ્તર ઘટમાળરે;
તેમાંથી બચવાના નથી કો રક અગર ભુપાળ. ફેરા૦ ૩
ગર્વ તજી કાયા માયાનો સ્મર શ્રી દીન દયાળરે;
ભાણી કહે આળગું થઈ જાશે બધન તુજ તતકાળ. ફેરા૦ ૪

પદ ૪૮.

રાગ–વણઝારો.

જય જય પ્રભુ જન હિતકારી, સીતાપતી અવધ વિહારી. ટેક.
જય જય મુનિજન મનરજન, જય શિવ શરાસન ભંજન;
ખળદળ ગંજન ભયહારી, સીતાપતી અવધવિહારી. ૧
જય જય હરી દશરથ નંદન, આનંદ નીધિ જગવદન;
જય અગુણ સગુણ અવિકારી, સીતાપતી૦ ૨
જય જય વીભુ વિશ્વ વિલાસી, નિર્લેપ અકળ અવિનાશી;
અખિલેશ અનંત મુરારી, સીતાપતી૦ ૩

જય જય પંકજ દળ લોચન, કરૂણા ઉદધી ભવમોચન;
સર્વજ્ઞ અજર અવતારી, સીતાપતી૦ ૪
ષડ્ શત્રુને હણનારા, ભક્તાધીન ભગવત પ્યારા;
રઘુવંશ મણિ અસુરારી, સીતાપતી૦ ૫
તવ ગુણ ગાવા શુભ વાણી, આપો શ્રી સારંગપાણી;
વળી આપો મતી અતી સારી, સીતાપતી૦ ૬
હરી આપ પદાંબુજ માંહી, ચોટે મમ ચિત્ત રઘુરાઈ;
થાયે વૃત્તિયો સ્થીર મારી, સીતાપતી૦ ૭
અનન્ય પાયીની ભક્તિ આપો, ભૂધર ભવ બંધન કાપો;
ભાણીની અરજ સ્વીકારી, સીતાપતી૦ ૮

પદ ૪૯.

હરિગીત છંદ.

વૈરાગ્ય ભક્તિ જ્ઞાન કેરે મારગે પરવર સદા,
લાલચ વિષે લપટાઈને અથડા ન આડે ધડ કદા;
સમજાવ ઝટપટ જેમ સમજે તેમ કરી મુળ સાનને,
ભાણી ભણે હે ભ્રાત રીઝવ ભાવથી ભગવાનને. ૧
આ છોટું ને આ મોટું આ ખોટું અને આટો ખરૂં,
આ શત્રુને આ મીત્ર છે આ માહરૂં આ તાહરૂં;
આ શુભ ને આ અશુભ એવા તજ હવે તોફાનને,
ભાણી ભણે હે ભ્રાત રીઝવ ભાવથી ભગવાનને. ૨
નવ માસ જેણે રાખ્યો જઠરાગ્નિમાં જુક્તિ કરી,
વળી રાખ્યું જનુની સ્તન વિષે પય જન્મની પે'લાં ભરી;

તેવા દયાળુ દેવના વિસરી ન જા એશાનને,
ભાણી ભણે હે ભ્રાંત રીઝવ ભાવથી ભગવાનને. ૩
તે શેઠના પણ શેઠ વળી ભુપાળના ભુપાળ છે,
કર્તૃમ્ અકર્તૃમ્ અન્યથા કર્તૃમ જગત પ્રતીપાળ છે;
મેળવ કૃપા તું તેહની ધરી નિત્ય તેના ધ્યાનને,
ભાણી ભણે હે ભ્રાત રીઝવ ભાવથી ભગવાનને. ૪
પ્રભુની કૃપાથી થઈ શકે વળી મુક્ત સહુ પાપો થકી,
કાગળ જનમ ને મરણનો ફાટી જશે કહુછું નકી;
કરી મોહ મમતા ત્યાગ સ્મર તે સર્વ સુખના સ્થાનને,
ભાણી ભણે હે ભ્રાત રીઝવ ભાવથી ભગવાનને. ૫
જળબીંદુ પંકજ પત્ર પર જેવી રીતે સુકાય છે,
તેવી રીતે આયુષ્ય હે મન! સર્વ ચાલ્યું જાય છે;
તન ધન અને જન બુદ્ધિબળનુ છોડી દે અભીમાનને,
ભાણી ભણે હે ભ્રાત રીઝવ ભાવથી ભગવાનને. ૬
પક્ષી પશુ જીવ જંતુ દાનવ દૈત્ય કે નરનારને,
દાનેશ્વરી કે દેવ ઋષિ મુનિ યોગીરાજ થનારને;
નથી છોડનારો કાળ ભુપતી રંક કે શ્રીમાન્‌ને,
ભાણી ભણે હે ભ્રાત રીઝવ ભાવથી ભગવાનને. ૭
નહિ કોઈ આવે કામ તું ફાંફાં નકામાં માર માં,
મશગુલ થઈ આશા અમલમા સમય શુભ આ હાર માં;
કર કમર કસી ખુબ યત્ન શીઘ્ર સુધારવા અવશાનને,
ભાણી ભણે હે ભ્રાત રીઝવ ભાવથી ભગવાનને. ૮

પદ ૫૦.

રાગ ધનાશ્રી.

રામ ભજન કર ભાઈ નીરતર રામ ભજન કર ભાય;
ભવસાગર તરવાનો એ વીણુ અવર નહિ ઉપાય. નિરંતર૦ ૧
વિભીષણ શરભંગ સુતીક્ષણુ શબરી મીરાંબાય: નિરંતર૦
ગજ કિન્નર વાનર ગીધ મુનિવર સુરનર રંક ને રાય. નિરંતર૦ ૨
પ્રભુપદને પામ્યા એ સઘળા શીલા બની અહલ્યાય, નિરંતર૦
તેના નામનો પ્રૌઢ પ્રતાપ છે જળમા પથ્થર તરાય. નિરંતર૦ ૩
જન્મ મરણુ કહીએ નહીં આપે રાખે નિજ પદમાંય. નિરંતર૦
માટે ભજ ભાણી શુદ્ધ ભાવે ત્રીભુવન કેરા રાય. નિરંતર૦ ૪

પદ ૫૧.

રાગ–ગોડી.

લીજીયે મોહે ઉગારી, અવધપતી લીજીયે મોહે ઉગારી.
શરણાંગત પાલક મે જાની, આઈ શરન અસુરારી, અવધ૦
બીન આધાર હો સાહાક હો હરી, આશ લગી હે તુમારી. અવધ૦ ૧
તુમ બીન કોઉ નાહી મમ રક્ષક, યહ જગમે અઘહારી, અવધ૦
આપકી જાનકે દીનદાસકું, નાથ કરો મતી ન્યારી. અવધ૦ ૨
તુમતો હો કરૂણાનિધિ કેશવ, ભક્તનકે હીતકારી; અવધ૦
કહું કયા કહી જાત ન મોસે, પ્રભુતા આપકી ભારી. અવધ૦ ૩
મોસમ અમીત મહા પતીતનકું, દીને પાર ઉતારી; અવધ૦
ભાણી કહે વિનતિ યહ મોરી, લીજે ઉર પ્રભુ ધારી. અવધ૦ ૪

—o—

પદ પર.

હરી વેણુ વાયછે રે હો વનમાં–એ રાગ.

બાંય હવે ઝાલોરે દીનબંધુ, કૌશલ્યા સુત કરૂણાસીંધુ;
દાસી પ્રભુજીરે છું તમારી, મુકો નહીં રઘુરાય વિસારી. બાંય૦ ૧
ભીલડીનેરે ભાવે ઉગારી, તારી છે વળી ગૌતમ નારી;
ગજ ગુણીકાનીરે સાહ્ય કીધી, અવિચળ પદવી ધ્રુવને દીધી. બાંય૦ ૨
ધાયા પ્રહલાદની રે નાથ વારે, કોપ્યો ભુપ અસુરનો જ્યારે;
હરીશ્ચંદ્ર કેરૂં રે સત રાખ્યું, અંબરીષનું દુ:ખ ટાળી નાંખ્યું. બાંય૦ ૩
બળીરાય કેરૂં રે રખવાળુ, વિધ વિધ રૂપે કરોછો કૃપાળુ;
રાજ વિભિષણને વીભુ આપ્યું, સુગ્રીવનુ મહા સંકટ કાપ્યું. બાંય૦ ૪
પાપી અજામેળ તોય ઉગાર્યો, ગીદ્ધ જટાયુને પણ તાર્યો;
કંઈક ઉગાર્યા રે જન એવા, ભીલ પારધી કસાઈ જેવા. બાંય૦ ૫
અધમ ઉદ્ધારણ છો અઘહારી, ભક્તવત્સલ તમો અવધવિહારી;
વિનતિ ભાણીની ઉર ધારી, ઝટપટ લ્યો ભવપાર ઉતારી. બાંય૦ ૬

પદ પ૩.

મુને વાહુાલો લાગે છે દશરથલાલો, દશરથલાલો દશરથલાલો. મુને૦
કીરીટ મુકુટ વનમાલા સોયે, પીતવસન ઓઢયો દુશાલો; મુને૦
વામ અંગ સીયાજી સોયે, દખન ભાગ લક્ષમણ લાલો. મુને૦ ૧
ભરત શત્રુધન ચમર કરે છે, સનમુખમાં બજરંગ બાલો; મુને૦
ભાણી કહે સહુ ભવ દુ:ખ જાયે, ચરણકમળમાં નિત્ય મા'લો. મુને૦ ૨

પદ પ૪.

રઘુપતી રામ રૂદેમાં રેજોરે–એ રાગ.

અવધપતી રામને ભજ ભાવેરે, આવો સમય ફરી નહીં આવેરે,

મનુષા જન્મ વૃથા ન ગુમાવ. અવધપતી૦ ૧
રામ નામનો મહીમા છે મોટોરે, તેનો જગમાં નથી અન્ય જોટોરે,
ખેલ ખલકનો એ વીણુ ખોટો. અવધપતી૦ ૨
રામ નામછે મોક્ષની બારીરે, કહે છે શ્રુતિ શાસ્ત્ર પૂકારીરે.
બ્રહ્મા ભારતી ને ત્રિપુરારી. અવધપતી૦ ૩
સહુ મેળવેલી રહેશે માયારે, મીત્ર પુત્ર જનેતા ને જાયારે,
તાત ભ્રાત ભગિની તુજ કાયા. અવધપતી૦ ૪
મારૂં તારૂં કર તું ન લગારેરે, કોઈ કામ નહીં આવે તારેરે,
જ્યારે જઈશ તુ યમ કેરે દ્વારે. અવધપતી૦ ૫
જેવું ઝાંઝવાનું હોય વારીરે, એવી જીંદગી જાણુ તુ તારીરે,
સાચો એક છે વિશ્વવિહારી. અવધપતી૦ ૬
માયા મોહ મમત મદ ત્યાગીરે, રામ ચરણુનો થા અનુરાગીરે,
જાશે ભવ તણી ભાવઠ ભાગી. અવધપતી૦ ૭
નથી લેશ માત્ર તેમાં હાનીરે, એવી શીખ આ ઉરમાં આણીરે,
ભગવાન ભજન કર ભાણી. અવધપતી૦ ૮

પદ ૫૫.

ગરવ કીયો સો નર હાર્યો—એ રાગ.

આવ્યા અવધ વિહારી, વિજય કરી આવ્યા અવધવિહારી.
બાલુ કપી લંકાપતિ સંગે, લક્ષ્મણુ જનક કુમારી. વિજય૦ ૧
પવન તનય અંગદ આદિ ભટ, પરાક્રમી ધીરધારી; વિજય૦
સર્વ સમાજ સમેત પધાર્યા, રાવણુ કુલ સંહારી. વિજય૦ ૨
જય જયકાર થયો અતી પુરમાં, હરખાયા નરનારી; વિજય૦
ઈંદ્ર ભુવન કરતાં પણુ સુંદર, અવધપુરી શણુગારી. વિજય૦ ૩

ગુરૂ વશિષ્ટ ભરત શત્રુઘન, મગન થયા મનભારી; વિજય૦
કૌશલ્યાદિક માતા હરખી, નીરખી ભવ ભયહારી. વિજય૦ ૪
દેવ કુસુમ વરસાવવા લાગ્યા, જય જય શબ્દ પૂકારી; વિજય૦
ભાણી આરતી નમ્ર જનોએ, પ્રેમ સમેત ઉતારી. વિજય૦ ૫

પદ ૫૬.

રાગ–નવ આખ્યાન માંહે સગુણ સનેહી શામળારે.

શ્રી ગુરૂદેવ ચતુર ચીંતામણિ, ભયહર આતમરામીજી;
મનહર શ્રી ઘનશ્યામ સુખદ પ્રભુ, આનંદઘન બહુ નામીજી. ૧
દળનારા ષડ્ શત્રુતણું દળ, વિઘ્ન હરી લેનારાજી;
સુમતી ભક્તિ વૈરાગ્ય ને જ્ઞાનનું, દાન અચળ કરનારાજી. ૨
મેડેર કરી સૌ સાધક જનના, સંશયને હરનારાજી,
રસપાઈ પરમાનંદનો અતિ, શાંત સદા કરનારાજી. ૩
દાદ સુણી નિજ દાસ તણી દયા, નાથ વારે ચડનારાજી;
સર્વેશ્વર અવિનાશી અકળ વિભુ, સચરાચર પ્રભુ પ્યારાજી. ૪
જીવનમુક્ત પોતાના જનને, કરનારા ભવ ત્રાતાજી;
મન તન પાવન કરનારા વળી, પુરૂષોત્તમ પ્રખ્યાતાજી. ૫
હામ તમામ હૈયાતણી પૂરણ, કરનારા અવિકારીજી;
રાજીવ લોચન અઘમોચન હરી, પૂરણ બ્રહ્મ અવતારીજી. ૬
જન્મ મરણ તણી જબરી આપદા, ક્ષણ માની વારનારાજી;
નેમ કહીં નીતિ ધર્મને ન્યાયના, હેમને વણુસાડનારાજી. ૭
નવરંગ સુમેરદાશ ગુરૂ ગુણ, સાગર હે સુખકારીજી;
મૂળ સ્વરૂપ સુઝાડો મુને પ્રભુ, દાસીની અરજ સ્વીકારીજી.

પદ ૫૭.

રાગ–અનજારા.

મમ અરજ સુણો અસુરારી, કરૂણા કર મંગળકારી;
હું આપ ચરણુની દાસી, માટે માફ કરો અવિનાશી.
મમ દોષ સમગ્ર વિદારી, કરૂણા કર મંગળકારી. ટેક.
સ્થિર રે'તી નથી વૃતિ મારી, મતિ મુઝાયે અતિ ભારી;
આપ દર્શ વિના અંધહારી, કરૂણા૦ ૧
ધ્રુવ અંબરીષ આદિ ઉગાર્યા, જેમ કૃપા કરી પ્રભુ મારા;
તેમ શ્યામ મને લ્યો ઉગારી, કરૂણા કર૦ ૨
જેમ દ્રૌપદીની રાખી લાજ, ચીર પુરી તમે માહારાજ;
તેમ રાખો લજ્યા પ્રભુ મારી, કરૂણા કર૦ ૩
આવે જે કો શરણે તમારે, દુઃખ સ્વપ્ને ન દેખે લગારે;
થાયે નિર્ભય બિનપરવારી, કરૂણા કર૦ ૪
એવા નિયમ ધારી નદલાલા, હુ પણ આપ શરણુ છું વાલા;
છેક નાથ મુકો ન વિસારી, કરૂણા કર૦ ૫
મારૂં આપ સર્વસ્વ છો સ્વામી, છતાં દુઃખ પામું બહુનામી;
તેમાં લાજ વધે ન તમારી, કરૂણા કર૦ ૬
કરગરી કહે એમ ભાણી, ગ્રહી હાથ હે સારંગપાણી,
ભવ સમુદ્રથી લ્યો તારી, કરૂણા કર મગળ કારી. ૭

પદ ૫૯.

રાગ–હરીને ભજતાં હજુ કોઈની લાજ જતાં નથી જાણીરે.

સોમવારે સમાગમ સંત તણો મન કરજેરે,
દુર્વાસના દુષ્ટનો સંગ કેવળ પરહરજેરે;

મંગળે મહીમા ગુરૂ સંત હરી તણા ગાજેરે,
શ્રદ્ધાયુક્ત સુણી સતશાસ્ત્ર પવિત્ર તું થાજેરે. ૧
બુધવારે બુદ્ધિપતી બ્રહ્મને ભાવથી ભજજેરે,
અન્ય તરકટ સર્વ સુજાણ નીરતર તજજેરે;
ગુરૂવારે ગુરૂતણી કાન શિખામણ ધરજેરે,
ભક્તિ જ્ઞાન વૈરાગ્યના ખુગ ખજાના તું ભરજેરે. ૨
ભ્રગુવારે ભ્રમીત થઈ ભ્રાત ન ભવ માંહી ફરજેરે,
શુભ નીતિને મારગે પ્રેમ થકી પરવરજેરે
મંદવારે માયામાં ન જઈશ જરાયે ફસાઇરે,
મૂળ રૂપ ભુલીશ ન મોહ વીષે લપટાઇરે. ૩
આદીતે આત્માનો આનંદ અનુભવ લેજેરે,
અભિમાન અને ભિન્ન ભાવ થકી દૂર રેહેજેરે
શીખામણના છે આ સાત વાર બહુ હીતકારીરે,
તેને વીચાર જે વૃત્તિ સ્થીર કરી સર્વ તારીરે. ૪
જન્મ મર્ણતણું મહા દુખ ટળી વીર જાશેરે,
બ્રહ્માનદતણું અહોનિશ મહાસુખ થાશેરે.
ઓળખાશે નકી ઘટમાંય તુને ચક્રપાણીરે,
ભણે સુમેરદાસ પ્રતાપ થકી એમ ભાણીરે. ૫

પદ ૫૯.

હરીગીત છંદ.

હરી ભજનને મન છોડી માયામાં શું લપટાયે વૃથા,
પારસમણિ તજી કાચમાં શું મૂઢ લલચાયે વૃથા;
દીપક છતી આંખે લઇ કુવા મહીં શું પડે વૃથા,

હાથે કરી સંકષ્ટને વોરી લઈ શુ રડે વૃથા. ૧
ઉત્તમ સમય શુ મુર્ખ મન આલસ્યમાં ગાળે વૃથા,
આયુષ્ય શુ સંસાર રૂપી અનળમાં બાળે વૃથા;
શ્રી રામ નામ વીસારી વળગે કામનાને શુ વૃથા,
છે નાશવંત તમામ વળગે નામનાને શુ વૃથા. ૨
સમતા સુધા તજી મમત મધુકેરૂં શુ પાન કરે વૃથા,
ગોવિંદ ગુણ પડતા મુકી શુ અન્ય કથન કરે વૃથા;
તજી જ્ઞાન ગંગા મોહ સરીતા મધ્ય શુ નાહ્યે વૃથા,
તજી પ્રેમ પટ શુ વેમ વસ્ત્રો પેહેરવા ચાહ્યે વૃથા. ૩
તજી ભક્તિ ભોજન વિષય રૂપ શું વિષમ અન્ન ખાયે વૃથા,
તજી વિનય વારીને પીવા મદ મુત્ર શું ધાયે વૃથા;
મત્સરરૂપી મુખવાસ કરવા હામ શું રાખે વૃથા,
શિલતારૂપી શૃંગારનો શું ત્યાગ કરી નાંખે વૃથા. ૪
વૈરાગ્ય પંથ તજી તું આડે ધડશું અથડાએ વૃથા,
તજી સતસંગ પ્રપંચીના શું સંગમાં જાયે વૃથા:
નિરોધ તજી વિરોધમાં આનદ માને શું વૃથા,
તજી કનક પીતળ શોધમાં આનદ પામે શું વૃથા. ૫
તજી ઐક્યતા વિવાદમાં આનદ માને શું વૃથા,
જંજાળ દંભ પ્રમાદમાં આનદ પામે શું વૃથા;
તજી સત્ય વસ્તુ દ્રશ્યમાં આનંદ માને શું વૃથા,
તજી વર્તમાન ભવિષ્યમાં આનદ પામે શું વૃથા. ૬
શુભ ધર્મ ત્યાગી અધર્મમા આનદ માને શું વૃથા,
સત્કર્મ તજી દુષ્કર્મમાં આનંદ પામે શુ વૃથા;

સુવાસ તજી દુર્વાસમાં આનંદ માને શું વૃથા,
તજી યોગ ભોગ વિલાસમાં આનંદ પામે શું વૃથા. ૭
તજી પુણ્ય પામર પાપમાં આનંદ માને શું વૃથા;
ત્રિવિધી તણા વળી તાપમાં આનદ પામે શું વૃથા,
બાળેલ બીજો વાવીને આનદ માને શું વૃથા,
જીતેલ બાજી ગુમાવીને આનંદ પામે શું વૃથા. ૮
અનીતિ અને કુવિચારમાં આનંદ માને શું વૃથા,
વિતર્ક તર્ક વિકારમાં આનંદ પામે શું વૃથા;
વારી મથન કરવા થકી આનંદ માને શું વૃથા,
તૃષ્ણા ત્રિયા વરવા થકી આનંદ પામે શું વૃથા. ૯
સ્વપ્ના સરીખા ક્ષણીક સુખ મધ્યે શુ હરખાયે વૃથા,
દૈવી તજી આસુરી સપતિમાં શુ મલકાયે વૃથા,
વિવેક વીરાને વીખુટો શીદ કરી મુકે વૃથા,
ભાણી ભણે પરબ્રહ્મ ગુરૂનું શરણુ શુ ચુકે વૃથા. ૧૦

પદ ૬૦.

માગ હંસલો નાનો ને દેવલ જીનું તો થયું.–એ રાગ.

હજુ મન તુને સમજણુ આવી નહી,
આવી નહી રે સ્થીર થયું ન કઈરે. ટેક.
સમજાવ્યાં સાધન સઘળાં સદ્દગુરૂજીએ,
તોયે ભટકવા તણી ટેવ જરી ન ગઈરે. હજુ. ૧
દ્રશ્ય પ્રપચ જુદો જાણ્યો તથાપીરે,
વળગી રહ્યો છે મોહ વશ તું થઈરે. હજુ. ૨

બ્રહ્મમય ભાખ્યું સર્વે તદપી ન ભાગી ભ્રમણા,
મરે છે વગર મોતે માયા મહીંરે. હજુ. ૩
ભણે ભાણી શ્રેય તારૂં કરવું જો હોય તો,
સુમેરદાસના રાજ્ય વાકય ગ્રહીરે. હજુ. ૪

પદ ૬૧.

માલીની છંદ.

જય જય બહુનામી, રામ આરામ ધામી,
જય ગુણનિધી માયાના પતિ જગત સ્વામી.
જય જય અવિનાશી, કષ્ટને કાપનારા,
જય જય સુખશાંતિ, સર્વદા આપનારા. ૧
જય જય કરૂણાના કોશ કલ્યાણ કારી,
જય જય રઘુરાયાં શ્રીપતી રાવણારી.
જય જય અવધેશા, સર્વવ્યાપી સુરેશા,
જય જય હૃષિકેશા, દીનબંધુ નરેશા. ૨
જય રવિકુલ કેરા, રત્ન કોદંડ ધારી,
જય દશરથ કેરા, પુત્ર સંતાપ હારી;
જય જય પરમાત્મા, પરમ આનંદ દાતા,
જય ભય હરનારા, હે વિભુ વિશ્વ ત્રાતા. ૩
નિર્મળ હરી આપો, નિત્ય ભક્તિ તમારી,
શુભ મતિ સુ ગીરાને, સગતિ નાથ સારી;
નિજ પદ મહી રાખો, દેવ દેવા મુરારી,
અરજ ગરીબ ભાણીની પ્રભુ આ સ્વીકારી. ૪

પદ ૬૨.

હરિગીત છંદ.

છે સ્વપ્નવત હે મનમારા, સુખ બધાં સંસારનાં,
આશકત તેમાં થઈ વૃથા આયુષ્ય છેક ગુજારમાં;
મળશે ન માનવ તન ફરી માટે કહ્યું મમમાનને,
ભાણી ભણે શુદ્ધ ભાવથી મનમુઢ ભજ ભગવાનને. ૧
હાત્રે કરી હેરાન થા નહિ મોહ માયાને ભજી,
કદીયે ન થાયે નાશ તેવા સાજ સુખનો લે સજી;
ભુલી નહી તું ભટક જગદીશ્વર તણા ફરમાનને,
ભાણી ભણે શુદ્ધ ભાવથી મનમુઢ ભજ ભગવાનને. ૨
ષડશત્રુને સંહાર કર હથીયાર હીમતનાં ધરી,
વશ થૈ હવે તૃષ્ણા તણા ઘરમાં નહીં તું જા જરી;
આ દાસ દીનાનાથનો અળગું કરી અભિમાનને,
ભાણી ભણે શુદ્ધ ભાવથી મનમુઢ ભજ ભગવાનને. ૩
લે અંતનું ભાતુ કરી આલસ્ય કેવળ પરહરી,
ભાણી કહે છેલી શીખામણ છે તને આ માહરી;
નિર્વાણપદ મેળવ ગ્રહી વૈરાગ્ય ભક્તિ જ્ઞાનને,
ભાણી ભણે શુદ્ધ ભાવથી મનમુઢ ભજ ભગવાનને. ૪

પદ ૬૩.

આરતી.

જયરામ જયરામ જય જય જગ સ્વામી, પ્રભુ જય જય જગ સ્વામી,
જય સીતાવર રઘુવર,(૨)જય અંતરયામી. પ્રભુ જય અંતરયામી. જયરા.

ભરતાગ્રજ રણુ કર્કશ મગળ કરનારા, પ્રભુ મંગળ કરનારા,
જય દશરથ કુળદીપક (૨) પ્રાણજીવન પ્યારા. જયરામ. ૧
પૂરણુ બ્રહ્મ પુરુષોત્તમ, ઘટઘટ રમનારા, પ્રભુ૦
જય કરૂણાકર કેશવ (૨) કલીમલ હરનારા. જયરામ. ૨
શરણાંગત પાલક હરી, જય કૌશલરાયા, પ્રભુ૦
ભાવતારણુ અધહારણુ, (૨) જય જય સુખદાયા. જયરામ. ૩
રઘુનંદન જગવંદન વિઘ્ન સકળ હરતા, પ્રભુ૦
જય મુની જન મનરંજન (૨) ચૌદ ભુવન ફરતા. જયરામ. ૪
શિવ શરાસન ભંજન, જય શાંતિ દાતા, પ્રભુ૦
કૌશલ્યા હીતકારી, (૨) સર્વતણા જ્ઞાતા. જયરામ ૫
જય જય અવધ વિહારી, રાઘવ અસુરારી, પ્રભુ૦
જય ઘનશ્યામ મનોહર (૨) મહાન્ ધનુષ ધારી. જયરામ. ૬
નયન કમલ અતી સુંદર, મંજુલ મુખ દીસે, પ્રભુ૦
પટ આભ્રણ બહુ ઉત્તમ (૨) શોભે અંગ વિષે. જયરામ. ૭
ગુણ તમારા અગણીત, પાર ન કો પામે, પ્રભુ૦
કહેતા શાસ્ત્ર પુરાણો (૨) શ્રુતિઓ વિરામે. જયરામ. ૮
નામ તમારૂં સ્મરતાં સૌ સંકટ જાયે, પ્રભુ૦
મહા પતીત જન પળમાં (૨) પાપ રહીત થાયે. જયરામ. ૯
માટે છે તમ પાસે અરજી એ મારી, પ્રભુ૦
દાસ ગણી લ્યો વેગે (૨) મુજને ઉગારી. જયરામ. ૧૦
આરતી જે કોઈ એવી. શ્રીહરીની ગાશે, પ્રભુ૦
ભાણી કહે સૌ તેથી (૨) પાપ ટળી જાશે. જયરામ. ૧૧

પદ ૬૫.

તુળસીની માળા દેદો એ રાગ.

રઘુવરના રઘુવરના રઘુવરના ગુણુ લાગે પ્યારા કે ગુણુ લાગે પ્યારા.
અન્ય રૂચે નવ કાંય રઘુવરના ગુણુ લાગે પ્યારા. ટેક.
પાર ન જેહનો પામી શકે કોઇ, સર્વથી શ્રેષ્ઠ ને ન્યારા. કે ગુણુ૦ ૧
જન્મ અનેક તણા અતી દુસ્તર, પાપ પ્રલય કરનારા. કે ગુણુ૦ ૨
મંગળકર સુખકર ભવ ભય હર, આનંદને દેનારા. કે ગુણુ૦ ૩
ભાણી ભણે વળી તનમન કેરા, તાપ સકળ હરનારા. કે ગુણુ૦ ૪

પદ ૬૬.

મન સમજે નહીં સો ફેરી સમજાવું તોય શું થાયે એ રાગ.

નવ આવી લગાર, સમજણુ બહુ સમજાવ્યું મન તુજને છતા.
શઠ ભવ મોજાર, ભટકે છે તુ અંધ બની આંખો છતાં. ટેક.
કેહુ શુ મુરખ વારે વારે, સ્થિરતા નહી પામ્યું તુ ક્યારે,
ભ્રમણામાં ભરમાયું ભારે. નવ૦ ૧
સદ્ગુરૂએ પણ બહુ બોધ કર્યાં, તે લેશ નહીં તે કાને ધર્યાં,
મમતાનો શીરપર ભાર ભર્યાં. નવ૦ ૨
સુણી વાતો વિધવિધ શાસ્ત્રો તણી, પણ આશા તૃષ્ણાને ન હણી,
નવ પારખી માનવ દેહ મણિ. નવ૦ ૩
ભાણી કહે મુઢ કહ્યું મારૂં, હજી પણ માની જા તો સારૂં,
નહીં તો નહિ થાયે શ્રેય તારૂં. નવ૦ ૪

પદ ૬૭.

મારી નાડ તમારે હાથ–એ રાગ.

ભાણી કહે મનમુર્ખ ખુશામત કર ભગવાનનીરે.

જાશે જરૂર ગતી તારી સુધરી અવસાનનીરે. ભાણી૦ ૧
જગતતણી કરનાર ખુશામત, બની ગયા છે કેવળ તૃણવત;
દશા થઇ છે અંતે ધોબી શ્વાનનીરે. ભાણી૦ ૨
કરીયે જ્યાં લગી હાજી હાજી, ત્યા લગી માત્ર રહે સૌ રાજી;
પડતાં ફરક નિશાની રહે ન પીછાનનીરે. ભાણી૦ ૩
મીથ્યા અને પ્રપંચી પુરૂં, સ્વારથ સાધ્યામાં વળી સુરૂં,
વાતો કરનારૂં છે જગ અભિમાનનીરે. ભાણી૦ ૪
પ્રેમાળુ અતી પરઉપકારી, નથી અવર કો વિના મુરારી;
પ્રસન્નતા મેળવ એ કૃપાનિધાનનીરે. ભાણી૦ ૫

પદ ૬૮.

ભુજગી છંદ.

નમુ કૌશલ્યાધિપતિં સૂર્યવંશી, નમું રાજ રાજેંદ્ર હે પૂર્ણ અંશી;
નમુ જાનકી કાન્ત કલ્યાણકારી, નમું જગતના તાત સંતાપ હારી. ૧
નમું શ્રી રઘુનાથ ત્રયલોકત્રાતા, નમું દેવના દેવ આનંદ દાતા;
નમું તેજના પુંજ સારંગ ધારી, નમું પાપહારી નમું રાવણારી. ૨
નમુ સર્વ વ્યાપી નમું શાન્તિ સીંધુ, નમું વિશ્વભર્તા નમું દિનબંધુ;
નમામી સદારામ વિશ્રામધામી, નમું સચ્ચિદાનંદ સર્વજ્ઞ સ્વામી. ૩

પદ ૬૯.

રાગ પીલુ અથવા કાનડો.

દીન દયાળુ દયાકરી મુજને, સત્વર શ્રીવર પાર ઉતારો. ટેક.
આ ભવસાગર માંહી ભટકતાં, વિત્યા છે વિભુ કાળ હજારો. દીન૦ ૧
સહેવાતુ નથી દુઃખ હવે જરી, આણો શ્રીરઘુનાયક આરો; દીન૦
અપરાધો સામું ન જુવો હરી, શરણાંગત મુંનાથ ઉગારો. દીન૦ ૨

તાપ અને મમ પાપ હરો વળી, ઇચ્છા ઇશ સમગ્ર નિવારો, દીન૦
અમીત બની ગઈ છે મતી મારી, તેને શ્રી અવધેશ સુધારો. દીન૦ ૩
આપો ઉત્તમ ભક્તિ તમારી, કાપી હૃદયના સર્વ વિકારો. દીન૦
ભાણી ભજે છે એક અહરનીશ, આશ્રય હે દીનબંધુ તમારો. દીન૦ ૪

પદ ૭૦.

હરીગીત છંદ.

હે સુજ્ઞ શ્યામા અલગ થઈ આલસ્ય દુરગુણ વ્હેમથી,
પાળે પળો નિજ ધર્મ સભાળી નીતિ ને પ્રેમથી;
તવ બાલકોને પણ નીતિ નિજ ધર્મનું શિક્ષણ દઈ,
પ્રાચીન સતીયો સમ ગજાવો કીર્તિ આ અવની મહી. ૧
કલ્યાણકારી ધર્મ નિજ પરધર્મ અતી ભયદાય છે,
વીસ્તારથી વર્ણન કરેલું સ્પષ્ટ ગીતામાંય છે;
નીતિ વિષે પણ ભર્તુહરીયે ભાખીયું લંબાણથી,
ચાણાક્ય મધ્ય અને કહ્યું વિદુરે અનેક પ્રમાણથી. ૨
સૌભાગ્યવતીએ સર્વથા પતીને પ્રભુ સમ જાણવા,
પતીવિણ અવર નરને પીતા બ્રાતા સ્વપુત્ર પ્રમાણવા;
રહેવું હળી મળી સાથ સહુની ત્યાગી વાદ વિવાદને,
સાસુ સ્વશુર આદી તણી નવ છોડવી મરીયાદને. ૩
સમતા દયા સુવિચાર વિનય વિવેક સત્ય ક્ષમાધૃતિ,
આદિ ગુણો ગ્રહી પૂજવા મન કર્મ વચનવડે પતી;
વળી જ્ઞાનમાં કરવો વધારો દૈવી વિદ્યાને ભણી,
કરવી વળી સંગતી સદા સત્ સાસ્ત્ર સતી ગુરૂજન તણી. ૪

વિધવા સ્ત્રીએ પણ ચાલવું શાસ્ત્રોક્ત વર્તન આદરી,
થઈ કામનાઓ રહીત ભજવા નિત્ય પતિ ભાવે હરી,
આ શીખ મારી હૃદયમા ધારણ કરો સૌ ભામની,
ભાણી કહે ભગવાન હરશે ભીતી યમના ધામની. ૫

પદ ૭૧

રા. હુંતો અખીલેશજી પુજવાને નીસરી રે લોલ
હું તો જાતી હતી અંધાર ઘાટમાંરે લોલ,
મુને ગુરૂજી મળ્યા ભેની વાટમાંરે લોલ,
હું તો પ્રેમે ગુરૂ ચરણ કમળમા પડી રે લોલ,
મારી મુક્તી ગુરૂ પદમા ગડી રે લોલ ૧
કરી દ્રષ્ટિ ગુરૂએ જોયું પ્રેમથી રે લોલ,
મારા અંતરના તાળા તોડ્યા નેમથી રે લોલ
તેમા જોઈ આનંદઘન મૂરતી રે લોલ,
પ્રેમ મગન થયુ મનડુ આ...રે લોલ. ૨
લાગી તાળી પ્રભુજી સંગ ... રે લોલ
હું તો શોધી એના ગુણ ગાતમા રે લોલ,
કરી અખંડ સોહાગી ગુરૂએ મુને રે લોલ,
રહી કસર ન કાંઈ કહું શુ તુને રે લોલ. ૩
દયાવંત ગુરૂએ દયા કરી રે લોલ,
લીધુ જન્મ મરણ દુખને હરી રે લોલ,
ભણે ભાણી ગુરૂજી એવા પામીને રે લોલ,
હું તો ફુલી ફરૂ હું ભય વામીને રે લોલ.

પદ ૬૪.

રાજ ભોગનો થાળ.

મુને મારગમાં મળીયા મારાજ તે દાડાની લે લાગી.—એ રાગ.

જમવા પધારો તમે જીવન પ્રાણ, કૌશલ્યા સુત છોગાળા,
રઘુનાયક સુંદર શ્યામ સુજાણ, કૌશલ્યા સુત છોગાળા.
સુર્વણ બાજોઠે બહુ નામી, બીરાજો શ્રી રઘુવીર;
હીરા જડીત્ર હેતે હુ લાવું, થાળ ભરી રસીયા રણુધીર. કૌ૦ ૧
કનક કટોરામાં પીરસ્યાં છે, વિવિધ ભોજન રસાળ;
જમો જમાડું જુગતે આજે' દીન સપરમો છે જગપાળ. કૌ૦ ૨
મગદળ શેવદળ તળીયા મોતૈયા, બુંદી લાડુ કંસાર;
નાળીયેર ને ગુલાબ ગુંદરના, પાક કીધા અવધેશ કુમાર. કૌ૦ ૩
ઘેબર બરફી ખાજાં જલેબી, મગજ ને મોહન થાળ;
મોહન ભોગ દર્હથરાં ઠોરડોઠા, દુધપાક મેસુબ શીખડ દયાળ. કૌ૦ ૪
માલપુડા ને ઘોળો હરી શો, બીરજ છે બહુ બેશ;
ખુરમા ને ચુરમાની સાથે, સક્કરપારો લાપશી છે વિશેષ. કૌ૦ ૫
તલ સાંકળી ગોળ પાપડી, બાસુંદી ચંદ્રકળા છે શ્રીકાર;
ગગન ગાંઠીયા ગુંદવડાં બુદી, સુતરફેણીતણો સ્વાદ અપાર. કૌ૦ ૬
રસ રોટલી ને ખાંડ ઘૃત કેળાં, દુધ કઢેલ છે પાસ;
પુરી કચોરીને પુરણ પોળી,બાજરાની પોળી વળી ખાસ. કૌ૦ ૭
પેંડા પતાસાં ને મોળો માવો, હલવો પણ છે સુકેલ;
મેવા વટી ઘુઘરા ને મેવો,સુકો લીલો પ્રભુ છે સુધારેલ. કૌ૦ ૮
ફુલવડી ને ભજીયાં પાપડ, તળીયા તેલ મોઝાર;
પુડા વડી વડાં કાચરી ખેરો,ચોળાફળી ફાફડા અતિસાર. કૌ૦ ૯

જમણુ ઢોકળાં ને મુઠીયાં કીધાં, મુઠીને ...
મઠો મરકીને રાયતા સાથે, ચટ ણીઓને તાજો સંભાર. કૌ૦
ચણા વટાણા મગમઠ આખા, વાલ કીધા પલાળેલ;
તુરીયા ગુવાર ટીડોરા ફણસી, ખારીયાને વાલોળ છે કરેલ. કૌ૦
કેળાં કોળાં કારેલાં ભીંડા, કંટોલાં ને વંતાક;
સુરણ બટેટા પાંદડી કર્યાં છે, પડોળા પરવળનાં શાક. કૌ૦
ટાંકો તાંજળજો મેથી સુવાની, લાંબી ભાજી માહારાજ;
ચમકારીયું કાકડી ચીભડાનું, કીધેલ છે હરીવર તમકાજ. કૌ૦
કેશરીયો ને સ્વેત બનાવ્યો, સુંદર કમોદની ભાત;
ચોળા ચણા મગ વાલ અડદને, તુવેરની કીધી દાળ ભલી ભાત. કૌ૦
મીઠું મરી ખાંડેલા ખાતે, પડખે છે જગતાત;
લવન ને મેરકુટ મુક્યા છે, સંધાણુ પણ છે વળી સાથ. કૌ૦ ૧૫
નામ અનેક કહું કેટલાં હું, પાર ન તેનો પમાય;
જે જે જોયે તે માગી લેજો, મ્હારા સોગન છે રઘુરાય. કૌ૦ ૧૬
ખાટું ખારૂને મોળુ તીખું, કેહેજો હે પ્રાણ આધાર;
શીતળ સરજુના જળ કેરી ઝારી, ભરી ધરી છે આવાર. કૌ૦ ૧૭
જરી નહી ઉતાવળ કરશો, જમવામાં જગદીશ;
ચંદન ગારેથી ધોવરાવું, હાથ પછી તમ કૌશલધીશ. કૌ૦ ૧૮
કાથો ચુનો પાન પાકાં સોપારી, લવીંગને તજ સાથ;
એલાયચી જાવંત્રી નાખી, બીડાં બનાવ્યાં છે રઘુનાથ. કૌ૦ ૧૯
ઉતારૂ આરતી હરખેથી હું, જાનકી જીવન સ્વામ;
રાણી કહે કરૂણા કરી આપો, થાળ તણી પ્રસાદી સુખધામ. કૌ૦ ૨૦